Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

શુભ લાભ

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

લાભ પાંચમ

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

વર્ષ : ૪૭ અંક : ૨૮૩ જૂનાગઢ તા.૧૮-૧૧-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 283, Junagadh : Date : 18 November, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# આવતીકાલે વર્લ્ડ કપની ફાઈનલ : કરોડો ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સાહ



અમદાવાદ તા. ૧૮

ભારત-ઓસ્ટ્રેલિયાની ટીમ ૨૦૦૩ બાદ પ્રથમ વખત ફાઈનલમાં આમને-સામને હશે પાંચ વખતની પૂર્વ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા અને બે વખતની ભારતની ચેમ્પિયન ટીમ વચ્ચેનો હાઈ વોલ્ટેજ જંગ રંગીન બની જશે

ભારત - ઓસ્ટ્રેલિયા વચ્ચે આવતીકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડીયમ ખાતે ૨૦૨૩ના વિશ્વકપની રોમાંચક ફાઈનલ રમાશે. સ્પર્ધામાં ભારતે ૯ લીગ મેચો તથા ન્યુઝીલેન્ડ સામેની સેમીફાઈનલ જીતીને વટભેર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે, જયારે ઓસ્ટ્રેલિયાએ સેમીફાઈનલ જીતીને શાનદાર દેખાવ કર્યો છે. લીગ મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને પરાજીત કર્યુ હતું પરંતુ ઓસિઝે ભારતના દાવની શરૂઆતની ત્રણેય વિકેટો નજીવા સ્કોર પર પેવેલીયન ભેગી કરતા મેદાનમાં સન્નાટો પ્રસરી ગયો હતો. પરંતુ ત્યારબાદ રાહુલ-વિરાટે મોરચો સંભાળીને મેચ જીતી હતી. હવે આવતીકાલે ભારતે ખુબ જ સાવધાનીપૂર્વક મેદાનમાં ઉતરવાનું છે અને ફાઈનલ જીતવાની છે

ઓસ્ટ્રેલિયાની ટીમ ૮ વર્ષ બાદ ફાઈનલમાં પ્રવેશી છે. તે ૧૯૮૭, ૧૯૯૯, ૨૦૦૩, ૨૦૦૭ અને ૨૦૧૫માં ચેમ્પિયન બની હતી. ઓસ્ટ્રેલિયાને ૧૯૭૫ અને ૧૯૯૬ની ફાઈનલમાં પરાજયનો સામનો કર્યો હતો. તો છેલ્લી વખત ૨૦૧૯માં ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયાને સ્પર્ધામાંથી બહાર કર્યુ હતું. દક્ષિણ આફ્રિકાની ટીમ પાંચમી વખત સેમીફાઈનલમાં હારી છે. ત્રણ વખત તે ટીમને ઓસ્ટ્રેલિયાએ જ બહાર કરી દીધુ હતું. ૧૯૯૨માં ઈંગ્લેન્ડે હરાવ્યું હતું. ૧૯૯૯ અને ૨૦૦૭માં ઓસ્ટ્રેલિયા વિરૂધ્ધ હાર મળી હતી. ૨૦૧૫માં ન્યુઝીલેન્ડની ટીમે તે ટીમનું સ્વપ્ન તોડયું હતું. ભારતની ટીમ તરફથી શામીએ સ્પર્ધામાં જબરદસ્ત પ્રદર્શન કર્યુ છે. સેમીફાઈનલમાં તેણે ૭ વિકેટો ઝડપીને સ્પર્ધામાં કુલ ૨૩ વિકેટો ઝડપી છે.

મોહમ્મદ શમીના ટાર્ગેટ પર ફાઈનલમાં પાંચ-પાંચ ગોલંદાજોના રેકોર્ડ પર હશે. શમી માત્ર એક વિકેટ લઈને ઓસ્ટ્રેલિયાનાં ગ્લેન મેકગ્રાથથી આગળ નીકળી જશે. અને પાંચ વિકેટો ઝડપે છે તો તે ઓસ્ટ્રેલિયાના મિચેલ સ્ટાર્કને પણ પાછળ છોડી દેશે. તે સાથે જ તે વર્લ્ડકપની એક સિઝનમાં સૌથી વધુ વિકેટો ઝડપવાનો વિશ્વ વિક્રમ બનાવશે. મેકગ્રાર્થે વર્લ્ડકપમાં એક સિઝનમાં ૨૬ અને મિચેલ સ્ટાર્કે સૌથી વધુ ૨૭ વિકેટો ઝડપી છે. શમીએ કુલ ૨૩ વિકેટો ઝડપી છે. શમી આ વખતના વર્લ્ડકપની શરૂઆતની ચાર મેચોમાં ટીમનો ભાગ ન હતો, પરંતુ જયારે તેને મેદાનમાં ઉતરવાનો મોકો મળ્યો તો તેણે પોતાની આક્રમક ગોલંદાજીથી ત્રણ વખત એક વાર એક મેચમાં પાંચ કે તેથી વધુ વિકેટો લીધી છે

## ખાલિસ્તાની આતંકવાદી પન્નુએ ધમકી આપતા અમદાવાદમાં લોખંડી બંદોબસ્ત તૈનાત

અમદાવાદ,તા.૧૮

ક્રિકેટ વનડે વર્લ્ડકપનો આખરી અને સૌથી દિલધડક મુકાબલો આવતીકાલે અમદાવાદમાં રમાનાર છે તે સમયે જ કેનેડા સ્થિત ખાલીસ્તાની આતંકવાદી નેતા ગુરૂપતસિંઘ પન્નુએ ફાઈનલ અંગે આપેલી ધમકીનો વિડીયો વાયરલ થતા જ અમદાવાદ સહિત અનેક મહત્વના શહેરોમાં સુરક્ષા વધારી દેવાઈ છે. આવતીકાલે આ વર્લ્ડકપની ફાઈનલ મેચ નિહાળવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના નાયબ વડાપ્રધાન તથા અનેક સેલીબ્રીટી સહિતના મહાનુભાવો આવી રહ્યા છે અને ૧.૨૦ લાખથી વધુ પ્રેક્ષકોની ક્ષમતા ધરાવતા નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં તમામ ટિકીટો વેચાઈ ગઈ છે તે સમયે પન્નુએ વધુ એક વખત વર્લ્ડકપનો ફાઈનલ ખોરવવા અને સંભવત હિંસા સર્જવા આપેલી ધમકીને ગંભીરતાથી લેવામાં આવી રહી છે. પન્નુએ વર્લ્ડકપના પ્રારંભે પણ આ પ્રકારે ચેતવણી આપી હતી. શિખ ફોર જસ્ટીસનો આ વડો ભારતમાં મોસ્ટ વોન્ટેડ છે અને તે કેનેડામાં બેઠો બેઠો ખાલીસ્તાની ચળવળને વેગ આપી રહ્યા છે તથા અહી વસતા ભારતીયો માટે પણ જોખમ ઉભુ કર્યુ છે તથા ભારતીય દૂતાવાસના અધિકારી કર્મચારીઓને માટે ધમકી આપી છે તે સમયે તેણે વધુ એક વિડીયોમાં તા.૧૯ નવેમ્બરના વિશ્વભરના શિખો અમદાવાદ-અમૃતસર, દિલ્હીમાં એરઈન્ડીયાનો બહિષ્કાર કરશે. તેણે આ વિમાની મથકો બંધ કરવાની પણ ધમકી આપી છે.

## સમાચાર રાઉન્ડ અપ

- વર્લ્ડકપ ફાઈનલ મેચ ઉપર રૂા. ૫૦૦૦ કરોડથી વધુનો સટ્ટો રમાશે
- ઉત્તરકાશીની ટનલ દુર્ઘટનામાં આજે ૭માં દિવસે પણ સ્થિતિ યથાવત : ૪૦ મજુરોને બચાવવાની અગાઉની યોજનાઓ નિષ્ફળ
- ટાઈમ મેગેઝીનમાં એક સાથે ભારતીયો મુળનાં ૯ દિગ્ગજોને સ્થાન મળ્યું : અનેરી ઘટના
- ગાઝાની શીફા હોસ્પિટલનાં આઈસીયુમાં ૪૦ દર્દીનાં મોત
- આજે બદ્રીનાથ ધામ ખાતે ખાસ પુજા બાદ શિયાળા દરમ્યાન કપાટ બંધ થઈ જશે
- દેશની પ્રથમ બુલેટ ટ્રેન ૧૦ કોચની હશે, પ્લેન જેવા જ ફર્સ્ટ, બિઝનેસ અને ઈકોનોમી કલાસની સુવિધા
- યમનમાં નશીલું ઈન્જેકશન આપીને એક વ્યકિતની હત્યા કરનાર ભારતીય નર્સ નીમિશા પ્રીયાને મૃત્યુદંડની સજા

## દેશનાં અર્થતંત્રને તિર્થ સ્થાનો, તહેવારો, લગ્નો ધબકતું રાખે છે : રૂા.૨૫ લાખ કરોડનો વેપાર



નવી દિલ્હી તા. ૧૮ : લોકો તેમના રોજિંદા કામકાજ વચ્ચે તહેવારોની ઉજવણી કરેજ છે. તેઓ વર્ષમાં એકવાર તીર્થયાત્રાએ પણ જાય છે. જીવનભર બાળકો કે પરિવારના નજીકના સભ્યો પણ લગ્ન કરે છે. શું તમે જાણો છો કે ભારતમાં ધાર્મિક યાત્રા, ધાર્મિક તહેવારો અને લગ્નનો ધંધો કેટલો છે કેટલાંક હજાર કરોડ રૂપિયાનો અંદાજ શું હતો જો તમને એવું લાગે છે તો તમે તેને હળવાશથી લઈ રહ્યા છો. ભારતમાં આ બધી વસ્તુઓનો બિઝનેસ લગભગ ૨૫ લાખ કરોડ રૂપિયાનો છે. વેપારી સંગઠન CAT દ્વારા આ અનુમાન લગાવવામાં આવ્યું છે.

કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના જનરલ સેક્રેટરી પ્રવીણ ખંડેલવાલ કહે છે કે તાજેતરમાં જ દુર્ગા પૂજા અને દિવાળીના તહેવારોની ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે દુર્ગા પૂજા, ધનતેરસ-દિવાળી-ગોવર્ધન પૂજા અને ભૈયા દૂજના અવસર પર જ દેશભરમાં ૩.૭૫ લાખ કરોડ રૂપિયાનો બિઝનેસ થયો છે. આ વખતે તહેવારોના અવસર પર દેશભરના બજારોમાં જબરદસ્ત વેચાણે દેશની અર્થવ્યવસ્થાને એક નવો આયામ આપ્યો છે. આનાથી સાબિત થયું છે કે ભારતમાં તહેવારો દેશના વેપાર અને આર્થિક ચક્રને કેવી રીતે ફેરવે છે. ઝછ્એ આ પરિમાણને શાશ્વત અર્થતંત્ર નામ આપ્યું છે.

મહાયોગી વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુ:ખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫

હોટેલ ગ્રીનલેન્ડ
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND | ઠાકર થાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

નૂતનવર્ષ અને લાભ પાંચમની હાર્દિક શુભકામના


adani
વિરાટ કૉમ્પ્રેસિવ સ્ટ્રેન્થ
અંબુજા સિમેન્ટ
Now Part of the Adani Groups

ફલેટ વેચવાનો છે
2 BHK ડાઈનીંગ, ફલેટ
2BHK ડાઈનીંગ, ફુલ ફર્નિચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદ્દન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે, નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

ખોડલધામ ટુર
તા. ૧૫-૦૩-૨૦૨૪ થી ટુર ઉપડશે
સ્લીપર બસ દ્વારા
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મથુરભાઈ વાગડીયા
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

નવુ વર્ષ આપ સૌને સુખ, શાંતિ, સમૃધ્ધિમય નિવડે તેવી શુભેચ્છા.. શુભકામના..
નૂતનવર્ષાભિનંદન..
ચાલો આપણે સૌ સાથે મળી જાગૃત નાગરીકની ફરજ અદા કરી વેરાવળ - પાટણ (સોમનાથ) શહેરને સ્વચ્છ, સુંદર અને રળીયામણું બનાવીએ..


પિયુષભાઈ ફોફંડી
પૂર્વ પ્રમુખ : વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા
ચેરમેન : યાત્રાળુ કમીટી, વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જયોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

“2023 ભારત સરકાર દ્વારા નવા નિયમ મુજબ”
CNG સિલિન્ડરનું રીટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર ફરજીયાત આવવું પડશે કેમ કે ?..
એ. એસ. ઓટો ગેસ
(સરકાર માન્ય (PESO) ટેસ્ટીંગ પ્લાન્ટ)
ખામધોળ ચોકડી, ટોરેન્ટ CNG પંપની બાજુમાં, જુનાગઢ
(૧) ટેસ્ટીંગ પ્લાન્ટ ઉપર ગાડી નંબર પ્લેટ ફોટો સ્ટાફ સાથે પડશે
(૨) સિલિન્ડરનો ફોટો સ્ટાફ સાથે પડશે ઉપરોકત બન્ને ફોટા આપના સર્ટીફીકેટમાં આવશે.
જેમ “ P.U.C.” માટે સ્ટેશન ઉપર જવુ પડે તેમ ટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર આવવું ફરજીયાત છે.
ટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર આવો સમય - રૂપિયાની બચત કરો
A. S. AUTO GAS
96383 23542 / 98984 48644

ઓફર...ઓફર...
M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

### ગિરનારની પરિક્રમામાં સ્વચ્છતા રહે તે માટે દેખરેખ રખાશે

# આગામી તા. ૨૩મી નવેમ્બરથી શરૂ થનારી ગિરનારની પરિક્રમામાં યાત્રાળાઓની સુવિધા જળવાઈ રહે તે માટે સાધુ-સંતો અને સંસ્થાઓના પ્રતિનિધિઓએ જિલ્લા વહીવટી તંત્ર સાથે મિટિંગમાં કર્યો સંવાદ

## ગિરનારની પરિક્રમામાં યાત્રાળુને મુશ્કેલી ન પડે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે : કલેકટર અનિલકુમાર રાણાવસિયા



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૮

આગામી તા.૨૩ નવેમ્બરથી તા.૨૭ નવેમ્બર સુધી યોજાનારી પરંપરાગત ગિરનારની લીલી પરિક્રમા ની તમામ તૈયારીઓ જિલ્લા વહીવટી તંત્ર એ પૂર્ણ કરી છે. જૂનાગઢ કલેક્ટર અનિલ કુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને ગિરનારની પરિક્રમાની તૈયારી અંગેની બીજી બેઠક મળી હતી. જેમાં કલેકટર સહિતના જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને સાધુ સંતો તેમજ અન્ન ક્ષેત્રોના પ્રતિનિધિઓ એ યાત્રાળુ માટે જરૂરી વ્યવસ્થાઓ સુવિધા અંગે સંવાદ કરી પરિક્રમા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય અને યાત્રાળુઓને અગવડતા ન પડે તે માટે આખરી આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે ગિરનારની લીલી પરિક્રમામાં યાત્રાળુઓની કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે સંબંધિત વિભાગોએ આયોજન કર્યું છે અને તેઓએ પોતે પણ ગિરનારની પરિક્રમાના રૂટનું અધિકારીઓ સાથે નિરીક્ષણ કર્યું છે. ગિરનારની લીલી પરિક્રમામાં જંગલ સ્વચ્છ રહે ,રૂટ ઉપર ક્યાંય કચરો ન થાય તેમજ અન્ય ક્ષેત્રો દ્વારા ગંદકી કરવામાં ન આવે અને તે માટેની વ્યવસ્થામાં તંત્રને સહયોગ આપવામાં આવે તે માટે કલેક્ટર અનુરોધ કર્યો હતો અને સ્વચ્છતાની તમામ કામગીરી ઉપર દેખરેખ રાખવામાં આવશે તેમ પણ કલેકટરે જણાવ્યું હતું. અન્ન ક્ષેત્રો સહિતના સંસ્થાઓએ પરિક્રમામાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે જન જાગૃતિ અને સંસ્થાઓ દ્વારા પણ પૂરતા પગલાં લેવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી. આ બેઠકમાં મહંત શ્રી હરિ ગીરીબાપુ, શ્રી મહેશગીરી બાપુ તેમજ શ્રી મહાદેવ ગીરીબાપુ સહિતના સંતો મહંતોએ જરૂરી સૂચનો કર્યા હતા. આ ઉપરાંત દામોદર કુંડ સહિત વિવિધ સ્થળોએ સ્વચ્છતા જળવાઈ રહે તેમજ ટ્રાફિક વ્યવસ્થા ગોઠવવામાં આવે તે માટે સંસ્થાઓના પ્રતિનિધિઓએ પણ સૂચનો કર્યા હતા. ગિરનારની પરિક્રમા યાત્રાળુઓને હાર્ટ એટેક આવે તો તાત્કાલિક સારવાર મળી રહે તે માટે વ્યવસ્થાઓ કરાશે. આ ઉપરાંત કર્મચારી અધિકારીઓને સીપીઆરની ટ્રેનીંગ પણ અપાશે. પોલીસ વિભાગ દ્વારા જરૂરી બંદોબસ્ત ગોઠવવામાં આવશે આ ઉપરાંત એસડીઆર એફ ની બે ટીમો પણ મંગાવવામાં આવી છે તેમ કલેક્ટરએ જણાવ્યું હતું. વન વિભાગ દ્વારા પણ પૂરતો બંદોબસ્ત અને માર્ગો મરામત અને અન્ય સુવિધાઓ ની પણ તૈયારી કરવામાં આવી છે. બસ સ્ટેશન થી ભવનાથ સુધી એસટી વિભાગ દ્વારા ૫૦ મીની બસ મૂકવામાં આવશે આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં ૧૫૦ થી વધુ એકસ્ટ્રા બસ મુકવાનું પણ આયોજન છે. આ બેઠકમાં યાત્રાળુઓ બહુ વહેલી પરિક્રમા શરૂ ન કરી દે અને પરિક્રમાના રૂટ ઉપર જ પરિક્રમા કરે તે માટે અપીલ કરવામાં આવી હતી. આ મિટિંગમાં મહંત શ્રી હરિગીરીબાપુ, શ્રી શૈલજાદેવીજી, મહાદેવ ભારતીબાપુ, મહંત મહાદેવ ગીરીજી, મુચકુંદ જગ્યાના મહંત શ્રી



મહેન્દ્રાનંદગીરીજી, તેમજ અન્ય સંતો મહંતો આ ઉપરાંત સંસ્થાના અગ્રણીઓ, તેમજ અન્ય ક્ષેત્રોના પ્રતિનિધિઓ ગ્રાન્ટ અધિકારીઓમાં નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, ડીવાયએસપી ઠક્કર, અધિક કલેક્ટર પી.જી. પટેલ, પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગિરનાર લીલી પરિક્રમા -૨૦૨૩ : યાત્રાળુઓના આરોગ્યની તંત્ર દ્વારા દરકાર

# ગિરનાર લીલી પરિક્રમાના રૂટ ઉપરના જુદા-જુદા પડાવ ઉપર સરકારી દવાખાના ઉભા કરાશે

## ઝીણાબાવાની મઢી, સરકડીયા, મારવેલા, બળદેવી અને ભવનાથ વિસ્તારમાં યાત્રાળુઓ માટે આરોગ્ય સુવિધાઓ : પરિક્રમાનો માર્ગ કઠિન હોય જેથી વયોવૃદ્ધ અને હૃદયરોગની બીમારી ધરાવતા ભાવિકોને પરિક્રમા ન કરવી હિતાવહ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૮

ગિરનાર લીલી પરિક્રમા તા.૨૩-૧૧-૨૦૨૩થી પ્રારંભ થશે. જેમાં લાખો ભાવિકો ગરવા ગિરનારની ભાવપૂર્વક પગપાળા પરિક્રમા કરવા ઉમટી પડે છે. ત્યારે યાત્રાળુનું આરોગ્ય ન જોખમાય તે માટે તંત્ર દ્વારા ગિરનાર પરિક્રમાના રૂટ ઉપર આવેલ યાત્રાળુઓના પડાવના સ્થળ એવા ઝીણાબાવાની મઢી, સરકડીયા, મારવેલા, બોરદેવી તથા ભવનાથ વિસ્તારમાં સરકારી દવાખાના ઉભા કરવામાં આવશે. આ પરિક્રમાના વિવિધ રસ્તાઓ ચઢાણવાળા તથા મહત્તમ શારીરિક શ્રમ માંગી લે તેવા હોય અને ભૂતકાળમાં આવા ઘોડીના રસ્તાઓમાં વયોવૃદ્ધ કે, હૃદયની તકલીફ ધરાવતા લોકોને વધુ મુશ્કેલીઓ પડી હતી. અને મૃત્યુ થવાના કિસ્સાઓ પણ બનવા પામેલ તેથી હૃદયની તકલીફ ધરાવતા લોકોને ગિરનાર પરિક્રમા ન કરવા માટે અનુરોધ કરવામાં આવે છે. તેમજ આકસ્મિક સંજોગોમાં દરેક સ્થળોએ રાખવામાં આવેલ સરકારી દવાખાનાનો સંપર્ક કરવાનો રહેશે. યાત્રાળુઓએ તેમના આરોગ્યની તકેદારી માટે પરિક્રમાના રૂટ ઉપર વહેંચાતા આરોગ્ય માટે હાનિકારક હોય તેવા ફરસાણ, વાસી કે પડતર ફળો તથા ખરાબ ખાણીપીણીની વસ્તુઓ ન ખાવાની તકેદારી રાખવી, તેમજ ખરાબ પાણી નદી- નાળાનું પાણી પીવામાં ઉપયોગમાં લેવું નહીં. ક્લોરીનેશન કરેલું જ પાણી ઉપયોગમાં લેવું તેવી તકેદારી રાખવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એમ.આર. સુતરીયાની યાદીમાં જણાવાયું છે.


# જૂનાગઢ જિલ્લામાં તા.૨૨ નવેમ્બરથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ જિલ્લાના ૪૯૩ ગ્રામ પંચાયતમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા નીકળશે

## કેન્દ્ર-રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવા માટે પાત્રતા ધરાવતા તમામને આવરી લેવાની નેમ પ્રજાલક્ષી યોજનાઓનો વ્યાપ તમામ લાભાર્થી અને નાગરિકો સુધી પહોંચાડવા વ્યાપક જનજાગૃતિ ઉભી કરાશે

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ જિલ્લામાં તા.૨૨ નવેમ્બરથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભનો થશે. આ યાત્રા ૪ રથ સાથે જિલ્લાના ૪૯૩ ગ્રામ પંચાયતમાં નીકળશે. આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી કેન્દ્ર-રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવા માટે પાત્રતા ધરાવતા તમામને આવરી લેવાની તંત્રની નેમ છે. આ માટે ગ્રામ્ય કક્ષાએ પાત્રતા ધરાવતા લોકોને જુદી જુદી યોજનાઓનો લાભ આપવા માટે વિશેષ જનજાગૃતિ ઊભી કરવામાં આવશે. સાથે જ યાત્રા દરમ્યાન લાભ મળવાપાત્ર હોય તેવા લાભાર્થીની નોંધણી પણ કરવામાં આવશે. આમ, એક પણ લાભાર્થી કેન્દ્ર-રાજ્ય સરકારનીઓના લાભથી વંચિત ન રહે તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવશે. આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાની સાથે હેલ્થ કેમ્પ, પશુ સારવાર કેમ્પ, સેવા સેતુ સહિતના પ્રજાકીય પકલ્પોનું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. આ માટે જરૂરી તૈયારીઓ કરવામાં પણ આવી રહી છે. આ યાત્રા દ્વારા ગ્રામીણ કક્ષાએ આયુષ્યમાન ભારત યોજના, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, દિનદયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, પ્રધાનમંત્રી કિસાન સન્માન, કિસાન ક્રેડિટ કાર્ડ, પ્રધાનમંત્રી પોષણ અભિયાન, હર ઘર જલ-જલ જીવન મિશન, સ્વામિત્વ યોજના, જન ધન યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી PRANAM અને નેનો ફર્ટિલિજેર યોજના ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

# કેશોદ પોલીસ વાનમાં આગ લાગતાં બળીને ભસ્મીભૂત થઈ



## કેશોદમાં દિવાળીની રાત્રે જાહેરનામું ભંગ કરતાં જપ્ત કરેલાં ફટાકડાં સળગતાં બની ઘટના : કેશોદ ફાયર ટીમે ઘટના સ્થળે પહોંચી આગને કાબુમાં લીધી

(પ્રતિનિધિ દ્વારા) કેશોદ તા.૧૮

કેશોદ શહેરી વિસ્તારોમાં દિવાળીની મોડી રાત્રે પેટ્રોલિંગ કરી રહેલી કેશોદ પોલીસ દ્વારા જાહેર માર્ગો ઉપર જીલ્લા કલેકટરનાં જાહેરનામાંનો ભંગ કરતાં શખ્સોને મૌખિક સુચનાઓ આપવા છતાં વાહનચાલકો અને રાહદારીઓને આવવા જવામાં અડચણ ઉભી કરતાં ઈસમો પાસેથી જપ્ત કરવામાં આવેલાં ફટાકડાં પોલીસ વાનમાં ભરવામાં આવેલાં હતાં ત્યારે મોડીરાત્રે પોલીસ સ્ટેશન નજીક પહોંચતા અચાનક આગ લાગતાં પોલીસ વાહનમાં પડેલાં ફટાકડાં ફુટવાનુ શરૂ થતાં આગ પ્રસરી પોલીસ વાનમાં ફેલાઈ જતાં આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. કેશોદ નગરપાલિકા સંચાલિત ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગને કાબુમાં લીધી હતી અને કોઈ આકસ્મિક ઘટના બની નહોતી. કેશોદના શહેરીજનો આનંદ ઉત્સાહથી તહેવારો ઉજવે એ માટે દિવાળીનાં તહેવારો દરમ્યાન પેટ્રોલિંગ કરી રહેલાં કેશોદ પોલીસ સ્ટેશનનાં પોલીસકર્મીઓનો આબાદ બચાવ થયો હતો અને સદનસીબે કોઈ પ્રકારની જાનહાની થઈ નહોતી. કેશોદ શહેરમાં પોલીસ વાનમાં આગ લાગતાં પસાર થતાં વાહનચાલકો અને રાહદારીઓ ઉપરાંત આસપાસના રહીશોનાં ટોળાંને ટોળાં ઉમટી પડયા હતાં. કેશોદ શહેરમાં પોલીસ વાનમાં આગ લાગવાની આકસ્મિક ઘટના મોડીરાત્રે બની હોવાથી મોટી જાનહાની કે નુકસાની થયેલી નથી.

# કેશોદના શેરગઢ અજાબ રોડ ઉપર રાત્રે વાહન હડફેટે દિપડાનું મોત નીપજ્યું



(પ્રતિનિધિ દ્વારા) કેશોદ તા.૧૮

કેશોદના અજાબ શેરગઢ રોડ ઉપર રાત્રીના સમયે ખોરાકની શોધમાં નિકળેલ દિપડો રોડ ઓળંગી રહ્યો હોય તે સમયે ત્યાંથી પસાર થતી કોઈ અજાણી ફોર વ્હીલ હડફેટે દિપડો અથડાયેલ હોય તેવી પ્રાથમિક માહિતીના આધારે ત્યાંથી પસાર થતા રાહદારીની નજરે ચડતા શેરગઢ સરપંચને જાણ કરતાં તેઓ સથળ ઉપર આવી કેશોદ અજાબ રાઉન્ડ ફોરેસ્ટર ભરડાને ટેલીફોનીક જાણ કરતા તુરંત આર એફ ઓ ગુલાબબા સુહાગીયા ઘટના સ્થળે ટીમ સાથે પહોંચી ગયાં હતાં. આકસ્મિક ઘટનામા અજાણ્યા વાહન હડફેટે દીપડાનું મૃત્યુ થયું હોય પંચરોજકામ કરી સાધનિક કાગળો સાથે એનિમલ કેર સેન્ટર અમરાપુર ખાતે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી ઝીણવટભરી તપાસ શરૂ કરેલ છે. કેશોદ નજીક ગીર અભ્યારણ્યને કારણે છાશવારે નદીની કોતરોમાં કે ખોરાકની શોધમાં દીપડાઓ કેશોદના ગ્રામ્ય વિસ્તારોમાં આવી ચડતાં હોય છે ત્યારે રાત્રીના સમયે પુરપાટ ઝડપે દોડતાં વાહનોને કારણે આકસ્મિક ઘટનાઓ બને છે અને વન વિભાગ દ્વારા જાહેર રોડ ઉપર લગાવેલ સુચના દર્શાવતાં બોર્ડ શોભાનાં ગાઠીયા સમાન બની ગયાં છે. કેશોદ પંથકમા છાશવારે ખુલ્લા કુવામાં દીપડાના પડી જવાની ઘટના બની રહી છે ત્યારે ગીર અભયારણ્ય નજીક આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાણીઓને બચાવવા કડક કાર્યવાહી કરવાની જરૂરીયાત ઉભી થઈ ગયેલ છે.


# જૂનાગઢ ખાતે સમસ્ત કોળી સમાજનાં ૩૦માં સમુહ લગ્ન યોજાશે



જૂનાગઢ તા. ૧૮

જૂનાગઢ તાલુકા સમસ્ત કોળી સમાજ સમુહ લગ્ન સંકલન સમીતી દ્વારા આગામી તા. ૧૮-૨-૨૪ રવિવારનાં રોજ સમુહ લગ્ન યોજાશે. જેમાં જોડાવવા માટે તા. ૨૦-૧૧-૨૩થી લગ્ન નોંધણી શરૂ કરવામાં આવશે. લગ્ન નોંધણીની છેલ્લી તા. ૫-૧-૨૪ રહેશે. વધુ વિગત માટે કાજલબેન આંબાભાઈ કેશવાલા મો. નં. ૮૭૯૯૨ ૦૫૦૦૫ ઉપર સંપર્ક સાધવા અનુરોધ કરેલ છે.

# જૂનાગઢના ગિરનારી ગ્રુપ દ્વારા દિપાવલી પર્વની અનેરી ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ ગિરનારી ગ્રુપના સમીર દતાણી તથા સંજય બુહેચાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, જૂનાગઢમાં ઘણા સમયથી ગિરનારી ગ્રુપ કાર્યરત છે. જેમની કાર્ય સૂચિ અનન્ય છે. જેમાં જરૂરિયાતમંદ લોકોને રક્તની વ્યવસ્થા કરી આપવી, રક્તદાન કેમ્પ કરવા, સર્વરોગ નિદાન કેમ્પ કરવા, રક્તદાન કરવા અંગે લોકોને જાગૃત કરવા, ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતા બાળકોને આરોગ્ય અને શિક્ષણનું પૂરતું જ્ઞાન આપીને શિક્ષણ સ્તર ઉંચુ લાવવાના પ્રયત્નો કરવા, વિવિધ તહેવારોમાં લોકોને ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે મદદ કરવી સહિતના કાર્યક્રમો કરવામાં આવે છે. આ દિપાવલી પર્વમાં જુનાગઢ તથા ગ્રામ્ય વિસ્તારોમાં ઝૂંપડપટ્ટી રહેતા જરૂરિયાતમંદ લોકોને, જુનાગઢ જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ગ્રાઉન્ડ ફોલરમાં આવેલ વિહાન સંસ્થાના એચ.આઈ.વી. ગ્રસ્ત બાળકોને તથા વર્ગ ચારના જરૂરિયાતમંદ કર્મચારીગણઓને, મેંદરડામાં આવેલ માતા-પિતા વિનાનાની બાળકીઓની સંસ્થામાં, મીઠાઈ, ફરસાણ અને ફટાકડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૨૦ જેટલા જરૂરીયાત મંદ પરિવારોને રાશન કીટનું પણ વિતરણ કરવામાં આવેલ હતું. વિશેષમાં જુનાગઢ શહેરમા ટ્રાફિક શાખામા ફરજ બજાવતા ટીઆરપી જવાનોને મોઢું મીઠું કરાવવાનો એક નાનકડો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર મહોત્સવ સફળ બનાવવા માટે ગિરનારી ગ્રુપના સમીરભાઈ દવે, કીર્તીભાઈ પોપટ, સમીરભાઈ ઉનડકટ, ભાર્ગવભાઈ દવે, દેવાંગભાઈ પંડ્યા, દિનેશભાઈ રામાણી, લલીતભાઈ ગેરીયા, યાત્રિકભાઈ ભટ્ટ, રાહુલભાઈ ભટ્ટ, ભાર્ગવભાઈ દેવમુરારી, નરેન્દ્રસિંહ ચુડાસમા, સંજયભાઈ મહેતા, સુધીરભાઈ કુબાવત, સહિતનાઓએ ભારે જહેમત ઉઠાવી હતી. તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# સુત્રાપાડાના લોઢવા ગામે અખિલ ભારતીય આહીરાની મહારાસ સંગઠન દ્વારા આહિરાણી મહારાસ ડેમો આવતીકાલે લોઢવા ખાતે યોજાશે

(જાદવ ભોળા દ્વારા) લોઢવા તા.૧૮

લોઢવા મુકામે અખિલ ભારતીય આહીરની મહારાસ સંગઠન દ્વારકા મુકામે ઐતિહાસિક રીતે આહીરાણી મહારાસ આગામી ૨૩ અને ૨૪ ડિસેમ્બર શ્રી દ્વારકાધીશના અધ્યક્ષ સ્થાને યોજાવવા જઈ રહ્યો છે તે અંતર્ગત લોઢવાના આંગણે આહીરાણી મહારાષ્ટ્રની ઝાંખીનું આયોજન અખિલ ભારતીય આહિરાની મહારાસ આયોજન ટીમ દ્વારા કરવામાં આવ્યું છે. લોઢવા આંગણે આ મહારાસની ઝાંખી કાર્યક્રમ ૧૯ નવેમ્બરે લોઢવાના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે મોટી સંખ્યામાં આહીરાની બહેનો પરંપરાગત પહેરવેશમાં એક સાથે કૃષ્ણ ભગવાન ગીત સાથે રાસ લઈને સૌને મંત્રમુક્ત કરશે લોઢવાના આંગણે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના આગેવાનો વિવિધ સંગઠનના આગેવાનો આયોજક બેહનો અને ગામ લોકોના સહયોગથી યોજાશે. આ મહારાસની ઝાંખી જોઈ સૌ કોઈને ૫૫૫૫ વર્ષ જૂના વ્રજવાણીના ઈતિહાસની યાદ તાજી થશે. આ કાર્યક્રમમાં મુખ્ય કલાકાર જાહલબેન આહીર, અર્જુનભાઈ આહિર, પુસ્પાબેન આહિર, મીરાબેન આહિર, ગીતાબેન આહિર, ગોપાલભાઈ આહિર તથા લોઢવા ગામના કલાકાર પોતાના સુરીલા સ્વરે કૃષ્ણ ગીતો સાથે રાસ રમાડશે.

# ત્રાણ અપમૃત્યુંના બનાવ

જૂનાગઢ તા. ૧૮

જોષીપરાનાં નંદનવન મેઈન રોડ ઉપર રહેતા ઉમેશકાઈ કાંતિલાલ ઠાકર (ઉ.વ. ૫૨) બાથરૂમમાં પડી જતાં બેભાન થઈ જતાં સરકારી દવાખાને લઈ જતાં ફરજ ઉપરનાં ડોકટરે મૃત્યુ જાહેર કરેલ છે.

જયારે માંડણપરા ગામનાં જીતેન્દ્રભાઈ બાબુભાઈ મહીડા (ઉ.વ. ૩૪) ઘઉંમાં નાખવાનાં ઝેરી ટીકડા પી જતા સારવાર દરમ્યાન મૃત્યું નિપજયું છે.

જયારે મેંદરડા તાલુકાનાં ભાલછેલ ગામે રહેતા શીતલબેન સંજયભાઈ ગોહીલ (ઉ.વ. ૨૯) હાર્ટએટેકને કારણે મૃત્યું પામ્યા છે.

# કોડીનારના પેઢાવાડામાં ઐતિહાસીક સૌથી મોટો રકતદાન કેમ્પ યોજાયો



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૮

કોડીનાર તાલુકાના પેઢાવાડા ગામે ઐતિહાસીક સૌથો મોટો રકતદાન કેમ્પ યાજાયેલ હતો. જેમાં રકતદાન કરવા માટે માનવમહેરામણ ઉમટી પડયું હતું. ૮ કલાક માં ૧૨૫૫ બોટલો ભેગી કરાઈ હતી. સૌરાષ્ટ્ર ની ૯ બ્લડ બેંકોએ સેવા આપી હતી. જીલ્લા ભરના ૧૦ હજારથી વધુ ભાઈઓ-બહેનો ઉમટી પડેલ હતા. નાનકડા એવા ગામમાં આટલો મોટો મહારકત દાન કેમ્પ જોવા માટે પસાર થતા પ્રવાસીઆ પણ ઉભા રહી ગયેલ હતા. રકતદાન કરતા દાતાઆને કોઈપણ જાતની મુશ્કેલી ન પડે તે માટે સુંદર આયોજન કરેલ હતું. મેળા જેટલું માનવમહેરાણ ઉમટી પડેલ હતું. કોઈપણ જમણવાર કોઈ રાજકીય પાર્ટીની સભા રાખેલ હોય તેમાં પણ હજારા માણસો ભેગા કરવા માટે અનેક આમંત્રણો આપવા પડે છે. જયારે કોડીનાર તાલુકાના પેઢાવાડા ગામે ઐતિહાસીક રકતદાન કેમ્પ યોજાયેલ હતો. ગામ સમસ્ત આ ભવ્ય કેમ્પનું આયોજન કરેલ હતું. જેમાં ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ, સુત્રાપાડા, તાલાલા, કોડીનાર, ગીરગઢડા, ઉના વિસ્તારના ૭ હજારથી વધારે ભાઈઓ-બહેનો ઉમટી પડેલ હતા. સવારે ૯ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી માધ્યમિક શાળાના ગ્રાઉન્ડમાં યોજાયેલ રકતદાન કેમ્પમાં રાજકોટ સીવીલ હોસ્પીટલ, રેડકોસ સોસાયટી, સૌરાષ્ટ્ર વોલેન્ટરી બ્લડ બેંક, જૂનાગઢ સીવીલ હોસ્પીટલ, લાઈફ લાઈન, ગજેરા લેબોલેટરી, ગીર સોમનાથ રેડકોસ સોસાયટી, ઉના દિવ્યજયોત લબોલેટરીના ડોકટરો, મેડીકલ સ્ટાફ, મોટી સંખ્યામાં આવેલ હતો. સવારે ૯ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધીમાં ૧૨૫૫ દાતાઓએ રકતનું દાન કરેલ હતું. આટલા મોટા પ્રમાણમાં બોટલો ભેગી થતા અતિહાસીક કાર્ય થયેલ છે. આટલા નાનકડા ગામામાં સમગ્ર ગ્રામ્યજનોએ એકતાનો પરીચય આપી આખા વિસ્તારમાં સૌથી મોટું ઉદાહરણ આપેલ છે. આ કેમ્પમાં ૪૦૦ બોટલ જેટલું બ્લડ મહિલાઓ દ્વારા અપાઈ અનોખો રેકોર્ડ નોંધાવ્યો હતો. અહીં ખાસ પેઢાવાડા ખાતે રગતીયા દાદાના સાનિધ્યમાં ખીચડી પ્રસાદનું અનેરૂ મહત્વ હોય તો આ મહારક્તદાન કેમ્પની સાથે સાથ મહાખીચડી પ્રસાદનો પણ આયોજન કર્યું હોય જેમાં ૬૦૦૦ થી વધુ લોકોએ એક પંગતે બેઠી ખીચડી પ્રસાદ લીધો હતો. જ્યારે આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ગામના ૧૫૦ યુવાનોની ટીમે સતત ૧૦ દિવસ ખડેપગે રહી સફળ આયોજન કર્યું હતું. જેને ગીર સોમનાથ જિલ્લાના સાંસદથી લઈને સરપંચ સુધીના હાજર તમામ અગ્રણી આગેવાનોએ આવકાર્યું હતું. સમગ્ર કેમ્પમાં ૧૨૬૬ બોટલ બ્લડ એકત્રિત થયું હતું જે જરૂરિયાતમંદ દર્દીઓને સેવામાં અર્પણ કરવા માટે સૌરાષ્ટ્રની તમામ બ્લડ બેંકોને ગામના યુવાનો દ્વારા અર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ આ મહારક્તદાન કેમ્પ પાછળનો મુખ્ય હેતુ રાષ્ટ્રસેવા, માનવસેવા, જનસેવા જેવા રચનાત્મક કાર્યો સાથે સમસ્ત પેઢાવાડા ગામના સર્વે સાથે મળીને નિર્ણય લીધો હતો કે હવે નિત્યક્રમ મુજબ દર વર્ષ ગામમાં મહા રક્તદાન કેમ્પ યોજી ખરા અર્થમાં લોકોને ઉપયોગી થવાના હેતુંથી કરાયેલા આ કર્યો બદલ આયોજકો ને સમગ્ર જિલ્લા માંથી પધારેલા આગેવાનોએ બિરદાવ્યા હતા. રકતદાન કેમ્પના સેવાભાવી આયોજકોએ જણાવેલ હતું કે, ૮ કલાકમાં ૧૨૫૫ બોટલો ભેગી કરાઈ છે તે ગુજરાતભરની લેબોલેટરીની સેવામાં આપવામાં આવશે. દરરોજ કોઈપણ વિસ્તાર જરૂર પડે ત્યાં સેવા કરવામાં આવે છે. ગુજરાતની કોઈપણ હોસ્પીટલમાં અમો સેવા આપવા તત્પર છીએ આ કાર્યક્રમ માં જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લા ના સર્વે દિગ્ગજ આગેવાનો ઉપસ્થિત રહેલ હતા.

# ૬ ઓકટોબર ૨૦૨૨થી કન્યાકુમારીથી સાયકલયાત્રા યોજાઈ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૮

વિશ્વ હિન્દુ પરિષદ RSS કાર્યકર્તા રોબીનસિંહ ગામ ઈટાવા ઉત્તર પ્રદેશ રાજ્ય ભારત દેશ યુવાન દ્વારા ગ્રીન ઈન્ડિયા મુવમેન્ટ ભારત દેશના કિસાન માટે તેમજ પર્યાવરણ માટે થઈ ૬ ઓકટોબર ૨૦૨૨થી કન્યાકુમારીથી સાયકલ યાત્રાનું પ્રારંભ કરેલ છે. જેનો ઉદેશ્ય પર્યાવરણ સરક્ષણ જનજાગરણ અભિયાન કરી ભારતના કિસાન અને યુવાનોને પર્યાવરણ માટેની જાગૃતતા લાવવા માટે કરેલ છે. જે કન્યાકુમારીથી તમિલનાડુ વગેરે અનેક સ્થળોએ પ્રસાર થઈ ૧૭ નવેમ્બર ૨૦૨૩ના રોજ ૪૦૭ દિવસ પૂર્ણ કરી ૨૭૮૯૦ કિલોમીટર સાયકલ ચલાવી સોમનાથથી દીવ U.T વિસ્તારમાં લોકોની જાગૃતતા લાવવા માટે થઈ દીવ વિસ્તારમાં પ્રવાસ કરવામાં આવે છે. આ યાત્રાનો ઉદેશ્ય લોકોમાં પર્યાવરણ વિશે જાગૃત કરી દેવથી ઉના, રાજુલા, મહુવા, ભાવનગર પ્રયાણ કરી ચાલુ રાખી અને આ યાત્રાનું સમાપન ૨૦૨૪માં ભોપાલ, મધ્ય પ્રદેશ પહોંચી પૂર્ણ કરવામાં આવશે. જેમનું ઉષ્મા અને ઉત્સાહ ભરેલું સ્વાગત દીવજી જિલ્લા તેમજ સૌરાષ્ટ્ર પ્રાંતના ધર્મેન્દ્રગીરી ગોસ્વામી વિશ્વ હિન્દુ પરિષદના લીગલ સેલ કન્વીનર અને તેમની ટીમ દ્વારા કરવામાં આવેલું હતું.

# ભગવાન દ્વારકાધીશને ધ્વજારોહણ કરી વીરગતી પામેલ જવાનોને શ્રધ્ધાસુમન



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૮

૧૯૬૨માં ૧૮ નવેમ્બરે રેજાંગલામાં ચીન સામેની લડાઈમાં ચીનના ૧૩૦૦ સૈનિકોને મોતને ઘાટ ઉતારી અને પોતાના પ્રાણોની આહુતિ આપી માં ભોમની રક્ષા કરનાર ૧૧૪ વીર આહીર જવાનોને શ્રધ્ધાંજલી આપવા આહીર સેના ગુજરાત (જેના અધ્યક્ષ ભગવાન શ્રીકૃષ્ણ છે) દ્વારા પ્રથમ વખત આવતીકાલે તા.૧૮-૧૧-૨૦૨૩ ના રોજ જગત મંદિર દ્વારકાધીશ મંદિર ઉપર ધ્વજારોહણ કરવામાં આવશે. સવારે ૧૦ વાગ્યે કુરૂગા ટોલનાકાથી દ્વારકા સુધી કારરેલી તેમજ દ્વારકા મુકામે અખીલ ભારતીય આહીર સમાજ ખાતે સમાજના રાજકીય, સામાજીક અગ્રણીઓનાં સન્માન, પત્રકાર મિત્રો, નિવૃત ફોજી જવાનોના સન્માન, મહાપ્રસાદ અને સાંજે ભવ્ય લોકડાયરો આવી રીતે અનેકવિધ કાર્યક્રમમાં ખરા અર્થમાં વીરગતી પામેલા જવાનોને શ્રધ્ધાસુમન અર્થે અને ભગવાન દ્વારકાધીશનાં દર્શનનો લાવો લેવા સૌ જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા પ્રદેશ કોર કમીટી મેમ્બર્સ આહીર ગોવિંદભાઈ ચોચા એડવોકેટ ૯૮૨૪૩ ૯૩૪૦૫ની યાદીમાં જણાવાયુ છે.

# વર્ષોની પરંપરા સાથે જૂનાગઢથી વીરપુર જલારામભક્તો દ્વારા પદયાત્રાનું થયું આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જય જલારામ ગ્રુપ સાગર નિર્મળની જય જલારામ સાથે એક અખબારી યાદી જણાવે છે કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ પ.પૂ. સંત શ્રી જલારામબાપાની ૨૨૪મી જન્મજયંતી નિમિત્તે વીરપુર ચાલીને ૧૫૦ કરતા વધુ પદયાત્રિકો જોડાયા છે. ૧૯૭૫થી જૂનાગઢના રામમંદિરથી શરૂ કરેલ પદયાત્રા દર વર્ષે કારતક સુદ છઠ્ઠ એટલે કે જલારામ જયંતીનાં આગલા દિવસે સવારે ૫ વાગ્યે નીકળે છે અને રાત્રે ૮ વાગ્યે વીરપુર જલારામ મંદિર પહોંચે છે. આ વર્ષે પણ પરમ પૂજય સંત જલારામબાપની ૨૨૪મી જન્મ જ્યંતી નિમિત્તે વર્ષોની પરંપરાથી ચાલતી જલારામ પદયાત્રામાં પંચહાટડી ચોક ખાતે વહેલી સવારે ૫ વાગ્યે તિલકવિધિ બાદ જલારામ મંદિર પોસ્ટઓફિસ રોડ ઉપરથી તા.૧૮-૧૧-૨૦૨૧નાં રોજ વહેલી સવારે ૧૫૦થી વધુ લોકો દ્વારા જય જલિયાણનાં ગગનભેદી નારા સાથે પ્રસ્થાન કરેલ. ચાલીને જતા લોકોને, આર્યુવેદીક રોગપ્રતિકારક શક્તિ વધારતો ઉકાળો, પાણીની બોટલ, લીંબુ સરબત, કોલ્ડ ડ્રિંક્સ, તેમજ જરૂરી દવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. ચાલીને જતા પદ યાત્રિકોને પરત જૂનાગઢ આવા માટે વિના મૂલ્યે બે લક્ઝરી બસની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. એવીજ રીતે મોડી સાંજે પણ ૨૦૦ થી વધુ પદયાત્રીઓ મિત્રમંડળ સાથે રવાના થતા હોય છે અને કારતક સુદ સાતમ અને જલારામ જયંતીને વહેલી સવારે પરમ પૂજય સંત શ્રી જલારામબાપાનાં ચરણોમાં શીશ નમાવી વંદન કરવા પહોંચે છે. મહત્વનું છે કે ઘણી વખત ભકતો દ્વારા આસ્થા સાથે માનતાઓ પણ માનવામાં આવતી હોય છે અને તે પૂરી કરવાનો પદયાત્રાએ સુવર્ણ અવસર માનવામાં આવે છે.

# શ્રી સોમનાથ મહાદેવના દર્શને રાજ્યના મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ



(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૮


દિવાળીનું વેકેશના ચાલી રહ્યું છે ત્યારે દેશ વિદેશમાંથી શ્રદ્ધાળુઓ સોમનાથ મહાદેવના દર્શને પધારી રહ્યા છે. ત્યારે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના દર્શનાર્થે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ સહપરિવાર પધાર્યા હતા. તેઓનું સ્વાગત શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી. પરમાર દ્વારા પુષ્પગુચ્છ સાથે કરવામાં આવ્યું હતું. શ્રી સોમનાથ મહાદેવના દર્શન કરી ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલે સહ પરિવાર સોમનાથ મહાદેવને જલાઅભિષેક કર્યો હતો તેમજ પૂજા સામગ્રી અર્પણ કરી હતી. તેમજ શ્રી સોમનાથ મંદિરના ઈતિહાસને ઉજાગર કરતો ૩Dલાઈટ એન્ડ સાઉન્ડ શો પણ નિહાળ્યો હતો.

તેમજ શ્રી સોમનાથ ટ્રસ્ટ નિર્મિત નૂતન રામ મંદિર ખાતે પ્રભુ શ્રીરામના દર્શન કરી ચીફ જસ્ટિસ શ્રીમતી સુનિતા અગ્રવાલ પરિવાર સહિત "સોમનાથ થી અયોધ્યાઃ રામનામ માત્ર લેખન યજ્ઞ"માં જોડાયા હતા. ભગવાન શ્રી કૃષ્ણના અંતિમ લીલા સ્થાન શ્રીભાલકા તીર્થ તેમજ શ્રીકૃષ્ણની દેહોત્સર્ગ ભુમી ગોલોકધામ ખાતે પણ તેઓએ દર્શન કર્યા હતા તેમજ ગોલુ ગામ ખાતે શ્રીકૃષ્ણ ચરણ પાદુકા પૂજન કર્યું હતું. સોમનાથ ખાતે રાત્રિ રોકાણ કરી બીજા દિવસે તેઓએ વેહલી સવારે સોમનાથ મહાદેવની સોમેશ્વર મહાપૂજા કરીને ધન્યતા અનુભવી હતી. આ તકે શ્રીસોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર દ્વારા ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

# દરરોજ હજારો યાત્રિકોની અવર જવર છે તેવી ઓખા GMB પેસેન્જર જેટીની દિવાલ ધરાશાઈ થઈ ગઈ !







(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૮

હજારો યાત્રિકોની અવર-જવર છે તે જેટીની દિવાલો ૬ માસ પહેલા જ નવી બનાવેલ છે તેમ છતાં દિવાલ પડી જતા બાંધકામમાં ભષ્ટાચાર નકારી ન શકાય ! કારણ કે ચાર વ્યક્તિ એક સાથે દિવાલને હલાવે તો દિવાલ હલે છે. પાંચ ફુટનાં અંતરે ચાર ખીલાનાં પીલરના સહારે ઉભેલી દિવાલો ગમે ત્યારે તુટી પડવાનાં એંધાણ દેખાઈ રહ્યા છે. યાત્રિકોના જીવ જોખમમાં હોઈ કોઈ દુર્ઘટના સર્જાશે તો જવાબદાર કોણ ? ભગવાન દ્વારકાધીશ નાં દર્શન કરવા માટે બેટ-દ્વારકા હજારોની સંખ્યામાં યાત્રિકો આવી રહ્યા છે. બેટ જવા માટે ઓખા પેસેન્જર જેટીએ થી બોટમાં બેસીને બેટ પેસેન્જર જેટી સુધી પહોંચવાનું હોય છે. ઓખા અને બેટ બંને જેટી એ જેટીની બંને બાજુ એ સંરક્ષણ દીવાલો બનાવવામાં આવેલ હતી.જ્યારે પેસેન્જર જેટીનુ? બાંધકામ થયું તેની સાથે જે દીવાલો બનેલ હતી તે ઘણી જ મજબૂત હતી પરંતુ જીએમબી તંત્ર એ આ મજબુત દિવાલોને તોડી અને નવી દિવાલ બનાવવાના ટેન્ડરો બહાર પાડી લગભગ છ માસ પહેલા બંને જેટીએ નવી દીવાલો બનાવેલી છે. જ્યારે આ દિવાલનું કામ ચાલુ હતું ત્યારે જ ભ્રષ્ટાચાર થતો હતો અને બાંધકામ નબળું થતું હતું તેવું અખબારોમાં ચમક્યું હતું અને આ અંગે ગુજરાત મેરી ટાઈમ બોર્ડ ઓખા નાં કાર્યપાલક ઈજનેર શ્રીમાન પવારને જાણ કરવામાં આવેલ હતી પરંતુ રાબેતા મુજબ કામ ચાલુ રહ્યું અને નબળી કવોલિટીની દિવાલો બનાવવામાં આવી. હાલ જ્યારે દિવાળીનો તહેવાર અને વેકેશન છે ત્યારે હજારો લોકો બેટ દ્વારકા દર્શનાર્થે જાય છે તેવા સંજોગોમાં ઓખા પેસેન્જર જેટીની એક દિવાલ ધરાસાઈ થઈ જતા યાત્રિકોમાં નાશ ભાગ પામી હતી પરન્તુ સદનસીબે કોઈ જાનહાની ન થઈ ! હાલ જે દીવાલો બનેલી છે તેની મુલાકાત લેતા કામ ખૂબ જ નબળું છે અને દીવાલોમાં તિરાડો પણ પડી ગઈ છે.આ દીવાલોના સહારે યાત્રિકો કતારમાં ઉભા હોય છે, જ્યારે આ દિવાલ તૂટી અને સમુદ્ર તરફ જાય અથવા અંદરની સાઈડ આવે તો જાન માલનું નુકસાન ની પૂરેપૂરી શક્યતાઓ છે. આવા સંજોગોમાં જો કોઈપણ દિવાલનો ભાગ તૂટી પડે અને યાત્રિકોને નુકસાન થાય તેનો જવાબદાર કોણ ??? શુક્રવારે બપોરે અચાનક દિવાલ તૂટી પડતા બાકીની દીવાલો ક્યારે તૂટે તે કહી શકવું મુશ્કેલ છે પરંતુ જીએમબી તંત્રના પેટનું પાણી પણ હલ્યું નથી ! સ્થાનિક તંત્ર દ્વારા બંને જેટીએ હલકી અને નબળી કક્ષાના માલ મટીરીયલથી બનેલી આ દીવાલોને દૂર કરીને નવી દીવાલો બનાવવામાં આવે તો જ ભવિષ્યના નુકસાનને અટકાવી શકાય એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. યાત્રિકોનો પ્રવાહ હજુ આગામી એકાદ માસ સુધી ભરચક રહેવાના સંકેત છે કારણ કે દિવાળી વેકેશનમાં અને શિયાળાની શરૂઆતમાં દર વર્ષે હજારો યાત્રિકો બેટ દ્વારકા આવતા હોય છે તે રીતે જો આ જ પરિસ્થિતિમાં યાત્રિકોની અવરજવર ચાલુ રહેશે તો દિવાલ તૂટવાના અકસ્માતની પૂરેપૂરી શક્યતાઓ રહેલી છે !

# જૂનાગઢના જલારામ ભક્તિધામ ખાતે સમૂહ ચોપડા પૂજનનો કાર્યક્રમ સંપન્ન થયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

આ મંદિરમાં દર વર્ષે સમૂહમાં જનોઈ બદલવાનો કાર્યક્રમ તો યોજાય છે જ તેમની અસાધારણ સફળતાથી પ્રેરાઈને આ વર્ષે સમૂહમાં ચોપડા પૂજનનો કાર્યક્રમ આયોજિત કરેલો તેને પણ ખુબ સારી સફળતા મળીકારણ કે આ એક નવતર પ્રયોગ હતો. સંખ્યાબંધ વેપારીઓ તેમાં ભાગ લીધો. જૂનાગઢના ઈતિહાસમા આવો કાર્યક્રમ પ્રથમ વખત હતો. વિદ્વાન શાસ્ત્રીજી આનંદભાઈ પેરાણીએ શાસ્ત્રોક્ત વિધિથી લક્ષ્મી પૂજન અને ચોપડા પૂજન કરાવ્યું હતું. વેપારીઓ પૂજનવિધીથી પરિતૃપ્ત થયા હતા. ત્યારબાદ જલારામ બાપાની દેદિપ્યમાન સંધ્યા આરતી કરી અને સૌએ સમૂહ પ્રસાદનો આનંદ માણ્યો હતો.

# નિયત સમયે ગિરનાર લીલી પરિક્રમા શરૂ કરીને મહાત્મ્ય જાળવીએ

**ભાવિકોએ વહેલી પરિક્રમા શરૂ કરવી જોખમી પણ ખરી : હિંસક પ્રાણીઓનો સામનો કરવો પડી શકે**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

ગિરનાર લીલી પરિક્રમા તા.૨૩-૧૧-૨૦૨૩ થી તા.૨૭-૧૧-૨૦૨૩ દરમ્યાન યોજનાર છે. ઘણાં ભાવિકો નિયત સમય પહેલા પરિક્રમા શરૂ કરતા હોય છે. આ સમયે વહીવટી તંત્ર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવતી હોય છે. વહેલી પરિક્રમા દરમ્યાન કોઈ અધિટિત બનાવ ન બને તે ધ્યાનમાં રાખી અને અભયારણ્ય વિસ્તારમાં કોઈ વ્યવસ્થા ન હોય જેથી દુર્ઘટનાઓ ટાળવા અભયારણ્ય વિસ્તારમાં તા.૨૩-૧૧-૨૦૨૩થી પરિક્રમા શરૂ થાય છે. આમ, નિયત સમયના દિવસોમાં પરિક્રમા કરવી હિતાવહ છે. સાથો સાથ નિયમ સમયે પરિક્રમા કરીને લીલી પરિક્રમાનુ મહાત્મ્ય પણ જાળવીએ. પરિક્રમા વિસ્તારમાં હિંસક પ્રાણીઓ જેવા કે, સિંહ દીપડા વગેરે વસવાટ કરતા હોય યાત્રિકોએ નિયત કરેલા રસ્તા કે, કેડીઓ છોડી જંગલમાં અંદર જવું નહીં. પરિક્રમા દરમિયાન કોઈ વન્ય પ્રાણીઓ પક્ષીઓને છંછેડવા નહીં, તેમજ ઝાડની ડાળીઓ વાસ વગેરેનું કટીંગ કરવું નહીં તથા કોઈપણ જાતના ફટાકડા કે સ્ફોટક પદાર્થ, લાઉડ સ્પીકર, પ્લાસ્ટિકની થેલી, પાન માવા, ગુટકા, બીડી સિગારેટ વગેરે પર પ્રતિબંધ હોય જેથી સાથે રાખવા નહીં તથા પરિક્રમા દરમ્યાન વ્યવસાયિક ધંધાના કે જાહેરાતના હેતુ માટે સ્ટોલ રાખવાની મનાઈ છે. પરિક્રમા વિસ્તારમાં આગના બનાવો ન બને તે માટે ચૂલાઓ, તાપણાઓ સળગાવવા નહીં. ગિરનાર વન્ય પ્રાણી અભયારણ્ય હોવાથી દરેકે તમામ પ્રવર્તમાન કાયદાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરિક્રમા દરમ્યાન સરકારી ફરજ ઉપર રોકાયેલા અને આ ખાતાની પરવાનગી મેળવેલ હશે તે સિવાયના તમામ વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ છે. જે કોઈપણ અન્નક્ષેત્ર કે અન્ય સંસ્થા વાહન લઈ જવા માંગતા હોય તો નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી-જૂનાગઢ, વન વિભાગ સરદાર બાગ-જૂનાગઢ (ફોન નંબર-૦૨૮૫૨૬૩૧૧૮)ની કચેરીએથી નિયમોનુસાર પરવાનગી મેળવવાની રહેશે. બીજી કોઈ સૂચના માટે નોડલ અધિકારી (પરિક્રમા) અને મદદનીશ વન સંરક્ષક જૂનાગઢનો સંપર્ક (મો.૭૫૬૭૩૦૬૧૬૪) કરવાનો રહેશે.

# પરીક્રમા દરમ્યાન પ્રકૃતિ મિત્રના એનજીઓ સેવા આપશે





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જીવને શિવમય બનાવનારી લીલી પરિક્રમા શરૂ થવામાં છે ત્યારે લાખોની સંખ્યામાં પરિક્રમાથીઓ આ પરિક્રમા કરવા માટે ગિરનાર ક્ષેત્રમાં પધારશે. પ્રકૃતિ મિત્ર એનજીઓ છેલ્લા દસ વર્ષથી પ્લાસ્ટિક મુક્ત પરિક્રમાની ઝુંબેશ ચલાવી રહ્યુ છે. પ્રકૃતિ મિત્ર એનજીઓ ના ચેરપર્શન અને ફાઉન્ડર પ્રો. ડો.ચિરાગબેન ગોસાઈની એક યાદી જણાવે છે કે પરિક્રમાના મુખ્ય પ્રદેશ દ્વાર પાસે જ રૂપાયતન સંસ્થા ખાતેથી પ્રકૃતિ મિત્રના ૧૧૫ જેટલા કાર્યકર્તાઓ રાત દિવસ પોતાની સેવા આપશે. આ દરમ્યાન પરિક્રમાથીઓ પાસેથી પ્લાસ્ટિકની થેલી, ઝભલા તેમજ જંગલને નુકસાનકારક એવી તમામ પ્લાસ્ટિકની વસ્તુઓ લઈ લેવામાં આવે છે અને તેના બદલામાં વિનામૂલ્યે કાપડની અને ઈકો ફ્રેન્ડલી થેલીઓનું વિતરણ કરવામાં આવે છે. પ્રકૃતિ મિત્ર છેલ્લા દસ વર્ષથી લાખોની સંખ્યામાં વિનામૂલ્યે કાપડની થેલીઓનું વિતરણ કરીને દર વર્ષે ત્રણ હજાર થી ચાર હજાર કિલો જેટલો પ્લાસ્ટિકનો કચરો એકત્રિત કરીને રિસાયકલમાં મોકલે છે. ગિરનાર પરિક્રમા ગિરનાર જંગલની અંદર જ થતી હોવાને પરિણામે લોકો દ્વારા લઈ જવામાં આવતુ પ્લાસ્ટિક જંગલ વિસ્તારમાં જમીન તેમજ વન્ય પશુ પક્ષી, પ્રાણી વગેરેને નુકસાન કરે છે પ્રકૃતિ મિત્રના કાર્યકર્તાઓ દર વર્ષે પરિક્રમા ના પ્રવેશદ્વાર ઉપર જ આ પ્લાસ્ટિકને એકત્રિત કરીને જંગલમાં જતું રોકે છે. ચાલુ વર્ષે પણ પ્રકૃતિ મિત્ર એન જી ઓ પરિક્રમાના તમામ દિવસો દરમ્યાન ૨૪ કલાક પોતાની સેવા આપશે અને ખડે પગે રહીને વિનામૂલ્યે કાપડની થેલીઓનો વિતરણ કરશે. આ માટે તમામ પ્રકારની વ્યવસ્થાઓ થઈ ગઈ છે રાજુ એન્જિનિયર્સના રાજુભાઈ દોશી દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ મોટી સંખ્યામાં થેલીઓનું અનુદાન કરવામાં આવ્યું છે. તેમજ અન્ય સ્થળો ઉપરથી પણ થેલીઓ એકત્રિત કરવામાં આવી છે. આ કાર્યમાં વનમેન આર્મીના સંયોજક એડવોકેટ કે.બી.સંઘવી, રૂપાયતન સંસ્થાના હેમંતભાઈ નાણાવટી તેમજ કોર્પોરેશન દ્વારા સતત જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# અનામતની શરૂઆત સામાજિક વિષમતા ખતમ કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી હતી

દેશની સુરક્ષાને ચોક્કસ રાખવામાં ભારતીય વાયુસેનાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. જોકે ભૂતકાળમાં ભારતીય વાયુસેનાની નિર્ભરતા વિદેશી ટેકનિક પર વધારે રહી છે, પરંતુ હવે એરફોર્સ સતત સ્વદેશી ટેકનિક પર નિર્ભર થતું જાય છે. ભારતીય સશસ્ત્ર દળોનો ઉદ્દેશ્ય પોતાના માટે બહેતર સૈન્ય ક્ષમતા હાંસલ કરવાનો છે, જેનાથી દેશ સીમા પારથી મળનારા પડકારોનો સફળતાપૂર્વક સામનો કરી શકે. ભારત પોતાની સુરક્ષા ચિંતાઓને કારણે રક્ષા ક્ષેત્રમાં સ્વદેશી ટેકનિકના આધાર પર તાકાતવર બનવાની તૈયારીમાં છે. આ સ્વદેશીકરણની અસર દેખાઈ પણ રહી છે. ગ્લોબલ એર પાવર્સ રેંક્િંગમાં ભારતીય વાયુસેનાને દુનિયાની છઠ્ઠી મજબૂત વાયુસેના રૂપે સ્થાન મળ્યું છે.

ભારતીય વાયુસેનાને શક્તિ સંતુલન જાળવી રાખવા માટે યુધ્ધ પ્લેટફોર્મો, હેલિકોપ્ટરો, નાઈટ વિઝન ઉપકરણો અને અન્ય મહત્ત્વપૂર્ણ રક્ષા ઉપકરણો અને બુનિયાદી માળખાની ખામીઓને મજબૂત કરવાની પણ જરૂર છે. જેને ટેક્નોલોજી હસ્તાંતરણ દ્વારા દેશમાં સંયુક્ત ઉદ્યમ લગાવીને હાંસલ કરવામાં આવે છે. તેમાં રશિયા, ઈઝરાયલ, ફ્રાન્સ અને અમેરિકાથી ટેક્નોલોજીઓનું હસ્તાંતરણ થઈ રહ્યું છે. તેનાથી ભારતે પોતાના ઘરેલુ રક્ષા ઉદ્યોગને મજબૂત કરવામાં મદદ મળી રહી છે.

ભારતીય વાયુસેનાએ હાલમાં જ એક ઘોષણા કરી કે જે અનુસાર સ્વદેશી એરોસ્પેસ ક્ષેત્રને ઉત્તેજન આપતાં લગભગ ૧૦૦થી વધુ ભારત-નિર્મિત એલસીએ માર્ક ૧-એ યુદ્ધ જેટ ખરીદવાની યોજના લાગુ કરાઈ રહી છે. ભારતીય વાયુસેના મુખ્ય એર ચીફ માર્શલ વીઆર ચૌધરીએ તેની ઘોષણા સ્પેનમાં ત્યારે કરી જ્યારે તેમણે પહેલું સી-૨૯૫ પરિવહન વિમાન પ્રાપ્ત કર્યું. વાયુસેના પ્રમુખ અનુસાર મિગ-૨૩ અને મિગ-૨૭ વિમાનોને નિયમાનુસાર બદલવા માટે જરૂરી છે કે દેશ પાસે એલસીએ શ્રેણીના પર્યાપ્ત વિમાન હોય. તેથી ૮૩ એલસીએ માર્ક ૧-એ ઉપરાંત લગભગ ૧૦૦ બીજાં વિમાનો માટે વાતચીત આગળ વધી રહી છે.

ભારતીય વાયુસેના પ્રમુખે સ્વદેશી ફાઈટર જેટ કાર્યક્રમને લઈને ગયા મહિને હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સહિત તમામ સંબંધિત પક્ષો સાથે સમીક્ષા બેઠક કરી હતી. એ સમયે, એમાંથી લગભગ ૧૦૦ વધારાના વિમાન ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આવનાર દિવસોમાં વાયુસેના પાસે ૪૦ એલસીએ, ૧૮૦થી વધુ એલસીએ માર્ક ૧-એ અને ઓછામાં ઓછાં ૧૨૦ એલસીએ માર્ક-૨ વિમાનો હશે. એલસીએ માર્ક ૧-એ માટે આખરી ઓર્ડર ૮૩ વિમાનો માટે હતો અને પહેલું વિમાન ફેબ્રુઆરી ૨૦૨૪ની આસપાસ મળી જશે. એલસીએ માર્ક ૧-એ તેજસ વિમાનનું ઉન્નત રૂપ છે, જેમાં સ્વદેશી સામગ્રી ૬૫ ટકાથી પણ વધારે હશે. લગભગ એક વર્ષ પહેલાં જોધપુરમાં રક્ષામંત્રી રાજનાથ સિંહે હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવેલ 'પ્રચંડ' લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (એલસીએચ)ને ભારતીય વાયુસેનામાં ઔપચારિક રૂપે સામેલ કરવામાં આવ્યું હતું.

અસલમાં સ્વદેશી ડિઝાઈન અને વિકાસ પ્રત્યે ભારતીય વાયુસેના દ્વારા વ્યક્ત કરાયેલો ભરોસો અને સમર્થન મારુત, એલસીએ, આકાશ મિસાઈલ સિસ્ટમ, એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર અને લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર જેવા ઉદાહરણોથી સ્પષ્ટ છે. સ્વદેશ નિર્મિત એલસીએચ આધુનિક યુધ્ધની જરૂરિયાતો અને સંચાલનની વિભિન્ન પરિસ્થિતિઓમાં જરૂરી ગુણવત્તા માપદંડોને પૂરા કરે છે. આ આત્મસુરક્ષા કરવા, વિભિન્ન પ્રકારના આયુધો લઈ જવામાં અને તેને તરત ક્ષેત્રમાં પહોંચાડવામાં સક્ષમ છે. એલસીએચ સેના અને વાયુસેના બંને માટે ઉપયોગી છે. એલસીએચ એચએએલ દ્વારા ડિઝાઈન અને નિર્મિત પહેલું સ્વદેશી મલ્ટીરોલ કોમ્બેટ હેલિકોપ્ટર છે. જમીની હુમલા અને હવાઈ યુધ્ધની ક્ષમતા છે. આધુનિક સ્ટીલ્થ વિશેષતાઓ, મજબૂત કવચ સુરક્ષા અને રાત્રે હુમલો કરવાની ક્ષમતા છે.

આજે ભારતીય સેના ન માત્ર સ્વદેશી ટેકનિક આધારિત શસ્ત્રો અને સહયોગી રક્ષા ઉત્પાદનોમાં સક્રિય છે, બલ્કે રક્ષા ઉત્પાદનનો કારોબાર પણ વધાર્યો છે. ૨૦૨૭ સુધી દેશની રક્ષા જરૂરિયાતોનો મોટાભાગનો હિસ્સો ખુદ ઉત્પાદિત કરવા અને તેના દ્વારા વિદેશી મુદ્રાની બચતનું લ-ય મૂકવામાં આવ્યું છે. સ્વદેશી રક્ષા ઉદ્યોગને ઉત્તેજન આપવા માટે ડીઆરડીઓએ આ દિશામાં જ્યાં શોધ અને ટેકનિકલ વિકાસ પર ફોકસ કર્યું, ત્યાં જ રક્ષા ઉદ્યોગ માટે કાર્યરત ભારત ડાયનેમિક્સ લિમિટેડ સહિત જાહેર ક્ષેત્રની રક્ષા ઉત્પાદન કંપનીઓએ પોતાના કામકાજની શૈલીમાં બદલાવ લાવવાની દિશામાં ઝડપ દેખાડી. એવામાં રક્ષા ટેક્નોલોજીના હસ્તાંતરણ પર પણ ફોકસ થયું. છેલ્લા પાંચ વર્ષમાં સરકારે ટેક્નોલોજીના હસ્તાંતરણ સાથે ૨૦૦થી વધુ રક્ષા અધિગ્રહણ પ્રસ્તાવોને મંજૂરી આપી છે. જોકે હજુ મોટાભાગના પ્રસંસ્કરણ પ્રારંભિક ચરણમાં છે. એ પણ કે દુનિયાના ટોચના ૧૦૦ સૌથી મોટા હથિયાર ઉત્પાદકોમાંથી ચાર કંપનીઓ ભારતની છે જે તમામ કંપનીઓ જાહેર ક્ષેત્રના ઉદ્યમ છે અને ઘરેલુ આયુધ માંગના મોટા હિસ્સાને પૂરી કરવાની જવાબદારી એમના પર જ છે.

### ખાલિસ્તાની આતંકવાદી પન્નુ સહિત મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ

# દિલ્હીમાં ભારત-અમેરિકાના પ્રધાનો વચ્ચે યોજાઈ ટૂ પ્લસ ટૂ બેઠક



(જી.એન.એસ)

નવીદિલ્હી,તા.૧૮

અમેરિકાના વિદેશપ્રધાન એન્ટની બ્લિંકન અને રક્ષાપ્રધાન ઓસ્ટિન લોયડ હાલમાં ભારતના મહેમાન બન્યા છે. અમેરિકાના આ બંને હાઈ પ્રોફાઈલ નેતાઓએ શુક્રવારે નવી દિલ્હીમાં વિદેશપ્રધાન જયશંકર અને રક્ષાપ્રધાન રાજનાથ સિંહની સાથે ટુ પ્લસ ટુ ચર્ચા કરી. આ દરમિયાન ઘણા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી છે. જેમાં ભારત અને કેનેડા વિવાદ પણ સામેલ છે. આ બેઠક બાદ ભારતના વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ જણાવ્યું કે આ બેઠકમાં ઘણા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ છે પણ જ્યાં સુધી કેનેડાનો પ્રશ્ન છે. અમે અમારા તમામ મિત્રો અને ભાગીદારોને આ મુદ્દા પર ચર્ચા કરી છે અને તેની પર આપણુ વલણ સ્પષ્ટ છે, જેની પર અમે ઘણા અવસરે વિસ્તારથી જણાવ્યું છે. સુરક્ષાને લઈને ઘણી ચિંતાઓ છે અને મને વિશ્વાસ છે કે તમે બધાએ જ ગુરપતવંત સિંહ પન્નુનો તે વીડિયો જોયો હશે, જેમાં તેને ધમકી આપી છે કે ૧૯ નવેમ્બરે એર ઈન્ડિયાના વિમાનથી ટ્રાવેલ ના કરવુ નહીં તો જીવનું જોખમ રહેશે. વિનય ક્વાત્રાએ કહ્યું કે તેનાથી અમારી સુરક્ષા સંબંધિત ચિંતાઓ વધી ગઈ છે પણ અમે વલણ સ્પષ્ટ કર્યુ છે. જણાવી દઈએ કે બંને દેશોની વચ્ચે આ સ્તરની આ પાંચમી બેઠક છે. આ બેઠક ૨૦૧૮ બાદથી દર વર્ષે થઈ રહી છે..... સવાલ થશે કે કોણ છે આ આતંકી પન્નુ?.. જે વિષે જણાવીએ, ગુરપતવંત સિંહ પન્નુનો જન્મ પંજાબમાં થયો છે અને અભ્યાસ પણ પંજાબમાં કર્યો છે. હાલમાં તે વિદેશમાં સ્થાયી છે. ક્યારેક તે કેનેડામાં હોય છે તો ક્યારેક તે અમેરિકામાં રહે છે. ભારતની બહાર રહીને તે ભારતમાં આતંકી હુમલા કરવાની ધમકી આપે છે. કેનેડામાં વસેલા હિન્દુઓને ખુલ્લેઆમ ધમકાવે છે. પન્નુનો જન્મ ૧૪ ફેબ્રુઆરી ૧૯૬૭માં થયો હતો. પન્નુના પિતા પંજાબમાં એક કંપનીમાં કામ કરતા હતા, તેનો એક ભાઈ પણ છે, જે વિદેશમાં જ રહે છે. પન્નુના માતા-પિતાનું મૃત્યુ થઈ ચૂક્યુ છે. પન્નુએ ચંદીગઢની પંજાબ યૂનિવર્સિટીમાંથી કાયદાનો અભ્યાસ કર્યો છે. તે અમેરિકામાં હાલ વકીલાત કરી રહ્યો છે. તમને જણાવી દઈએ કે પન્નુએ ૨૦૦૭માં 'શીખ ફોર જસ્ટિસ' નામનું સંગઠન બનાવ્યું હતું. જુલાઈ ૨૦૨૦માં ભારતે પન્નુને આતંકી જાહેર કર્યો હતો. હાલમાં પન્નુ આઈએસઆઈની મદદ લઈને ખાલિસ્તાનની મુહિમ ચલાવી રહ્યો છે. અને હા,.. પન્નુ સામે દેશભરમાં ૧૬ કેસ દાખલ.. જે વિષે પણ જણાવીએ, શીખ ફોર જસ્ટિસ સંગઠનનો પ્રમુખ પન્નુ ભારતનો વોન્ટેડ આતંકી છે. સમગ્ર દેશમાં તેની સામે ૧૬ કેસ દાખલ છે. દિલ્હી, પંજાબ, હિમાચલ પ્રદેશ, હરિયાણા અને ઉત્તરાખંડમાં ખાલિસ્તાની મૂવમેન્ટને લઈ તેની પર આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. તેની પર પંજાબના સરહિંદમાં **UAPA** હેઠળ કેસ દાખલ છે.

### સરાજાહેર ૩ વ્યક્તિઓએ હત્યા કરી હોવાની ઘટના બની

# રાજકોટ ફટાકડા ફોડવા બાબતે થયેલા ડખ્ખામાં સરાજાહેર ૩ વ્યક્તિઓએ કરી યુવાનની હત્યા

**સમગ્ર મામલે મૃતકના ભાઈ જયદેવ ગઢવી દ્વારા બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે આરોપીઓ સામે ગુનો નોંધાયો**

રાજકોટ,તા.૧૮

રાજકોટ શહેરમાં સરાજાહેર ૩ વ્યક્તિઓએ હત્યા કરી હોવાની ઘટના બની છે. ૨૮ વર્ષીય સાગર ગઢવી નામના વ્યક્તિને દિવાળીની રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં પાંજરાપોળ પાસે ઢોર માર મારી છરીના ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી હોવાનો બનાવ સામે આવ્યો છે. ત્યારે સમગ્ર મામલે મૃતકના ભાઈ જયદેવ ગઢવી દ્વારા બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે શુભમ ઉર્ફે સૂબો રીબડીયા, કરણ ઝીંઝુવાડીયા અને કરણ રીબડીયા વિરુદ્ધ આઈપીસી ૩૦૨, ૧૧૪ અંતર્ગત ગુનો નોંધાવવામાં આવ્યો છે. ગઢવીના પિતરાઈ કમલેશની બાજુની શેરીમાં રહેતા આરોપીઓ સાથે ફટાકડા ફોડવા બાબતે અગાઉ ઝઘડો થયો હતો. ત્યાર બાદ દિવાળીની રાત્રે સાગર ગઢવીના મામાના દીકરા સંજય ગઢવી દ્વારા તેને ફોન કરીને પોતાના ઘર પાસે બોલાવવામાં આવ્યો હતો. ત્યારે મૃતક સાગર ગઢવી આરોપીઓને સમજાવવા જતા આરોપી શુભમ ઉર્ફે સુબાએ સાગર ગઢવીને ગાળો આપતા તેને ગાળ આપવાની ના પાડી હતી. ત્યાર બાદ આરોપીઓ દ્વારા સાગરને અગાઉની ઘટનાનો ખાર રાખીને ઢીકા પાટુનો માર મારવામાં આવ્યો હતો. તેમજ શુભમ ઉર્ફે સુબા દ્વારા પોતાની પાસે રહેલ છરી વડે ઘા ઝીંકવામાં આવતા સાગર ગઢવીને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા ફરજ પરના હાજર રહેલા તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

પોલીસને આપેલી ફરિયાદમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, પોતે પોતાના પરિવારજનો સાથે મોરબી રોડ ખાતે આવેલી સિલ્વર સોસાયટી વિસ્તારમાં રહે છે. પોતે સિંગના કારખાનામાં મજૂરી કામ કરે છે જ્યારે કે પિતા રીક્ષા ડ્રાઈવિંગ કરે છે. પોતે ત્રણ ભાઈઓ અને બહેન છે. સૌથી મોટો ભાઈ સુખદેવ જે સ્ટીલની કંપનીમાં કામકાજ કરે છે. તેમજ સાગર જે ત્રણે ભાઈઓમાં સૌથી નાનો છે અને હાલ મજૂરી કામકાજ કરે છે. રવિવારની રાત્રે હું મારા પિતરાઈ રોહિત ગઢવી સાથે ચુનારા વાળ ખાતે નાસ્તો કરી રહ્યો હતો. તે દરમિયાન અન્ય પિત્તરાય સંજય ગઢવીનો ફોન આવ્યો હતો કે, સાગરને મારા ઘરની પાસે માથાકૂટ થઈ છે તેમજ તેને પેટના ભાગે છરી વાગેલ છે, જેથી અમે તાત્કાલિક અસરથી સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચીએ છીએ. તમે પણ ત્યાં આવો. સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચતા મારો ભાઈ સાગર ગઢવી બેભાન હાલતમાં જોવા મળ્યો હતો. તેમજ તેને પેટના ડાબી બાજુએ ઈજા પહોંચી હતી. જેના કારણે તેમાંથી લોહી પણ નીકળી રહ્યું હતું. દરમિયાન મારા પિતરાઈ સંજય ગઢવીએ મને કહ્યું હતું કે, શનિવારના રોજ ફટાકડા ફોડવા બાબતે આરોપીઓ સાથે બોલાચાલી થઈ હતી. જોકે ત્યાર બાદ અમે તેમની સાથે સમાધાન કરી લીધું હતું. ત્યારે રવિવારના રોજ સાગરને ફોન કરીને ઘરે બોલાવવામાં આવતા તેની સાથે તેનો મિત્ર આકાશ વાઘેલા પણ મોટરસાયકલ મારફતે આવ્યો હતો. ત્યારે સાગર આરોપીઓને સમજાવતો હતો કે તમે પાડોશી થઈને કેમ ઝઘડો છો? ત્યારે શુભમ સાગરને કહ્યું હતું કે તું અમને કહેવા વાળો કોણ? તારે આ મેટરમાં વચ્ચે પડવું નહીં તેમ કહીને ગાળો આપવા લાગ્યો હતો. જેથી સાગરે ગાળો આપવાની ના પડતા ત્રણેય આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. તેમજ ત્યાર બાદ સાગરને ઢીકા પાટુનો માર મારવા લાગ્યા હતા.

# નલિયા, ગાંધીનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદમાં ઠંડી

**ગુજરાતના અનેક શહેરોમાં ઠંડીનો પારો ગગડીને ૧૪ ડીગ્રીએ પહોચ્યો છે, કચ્છના નલિયામાં ૧૩ ડીગ્રી ઠંડી નોંધાઈ છે જે સમગ્ર રાજ્યમાં સૌથી વધુ ઠંડીનો આંક છે**

અમદાવાદ,તા.૧૮

હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે, આવતીકાલ ૧૪મી નવેમ્બરના રોજ બંગાળની ખાડીમાં હવાનું હળવુ દબાણ સર્જાવાની શક્યતા છે. જે ૧૬ નવેમ્બરના રોજ ડિપ્રેશનમાં ફેરવાઈ શકે છે. અને પશ્ચિમ-ઉતર પશ્ચિમ દિશામાં આગળ વધે તેવી સંભાવના હાલ હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

ગુજરાતમાં અડધો નવેમ્બર મહિનો વિતતા જ શિયાળાએ પગરવ કર્યો છે. હાલમાં મોડી રાત્રીથી વહેલી સવારે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. ખાસ કરીને ગ્રામ્ય પંથકમાં ઠંડીનો ચમકારો વધુ રહ્યો છે. આજે ગુજરાતના અનેક શહેરોમાં ઠંડીનો પારો ગગડીને ૧૪ ડીગ્રીએ પહોચ્યો છે. કચ્છના નલિયામાં ૧૩ ડીગ્રી ઠંડી નોંધાઈ છે. જે સમગ્ર રાજ્યમાં સૌથી વધુ ઠંડીનો આંક છે. ગાંધીનગરમાં ૧૪ ડીગ્રી ઠંડી નોંધાઈ છે. તો સુરેન્દ્રનગરમાં પણ ઠંડીનો પારો ૧૪ ડીગ્રીએ અટક્યો છે. રાજકોટ શહેરમાં ઠંડીનું પ્રમાણ ૧૪.૧ ડીગ્રી નોંધાયું છે.

અમદાવાદ શહેરમાં ઠંડીનો પારો ૧૫.૬ ડીગ્રી અટક્યો છે. વડોદરા શહેરમાં ૧૭ ડીગ્રી ઠંડી નોંધાઈ છે. તો ભાવનગરમાં ૧૯ ડીગ્રી અને સુરતમાં ૨૦.૫ ડીગ્રીએ ઠંડીનો પારો અટક્યો છે. દ્વારકામાં ૨૧.૩ ડીગ્રી, ભૂજમાં ૧૭.૮ ડીગ્રી, વેરાવળમાં ૨૪.૩ ડીગ્રી ઠંડી નોંધાઈ છે. સૌરાષ્ટ્ર કચ્છમાં નોંધાયેલ લઘુત્તમ તાપમાન, સામાન્ય કરતા ૧થી ૬ ડીગ્રી વધુ નોંધાયું છે.

દરમિયાન હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે, આવતીકાલ ૧૪મી નવેમ્બરના રોજ બંગાળની ખાડીમાં હવાનું હળવુ દબાણ સર્જાવાની શક્યતા છે. જે ૧૬ નવેમ્બરના રોજ ડિપ્રેશનમાં ફેરવાઈ શકે છે. અને પશ્ચિમ- ઉતર પશ્ચિમ દિશામાં આગળ વધે તેવી સંભાવના હાલ હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

# પીએમ મોદીએ લખેલું ગીત 'એબન્ડન્સ ઈન મિલેટ્સ' ગ્રેમી એવોર્ડ માટે નામાંકિત



નવીદિલ્હી,તા.૧૮

આ વર્ષના ગ્રેમી એવોર્ડ માટે નોમિનેશનમાં અબ્યુડન્સ ઈન મિલેટ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે, આ એ જ ગીત છે જે પીએમ મોદીએ ગાયક ફાલુ સાથે વિશ્વને બાજરીના ફાયદા જણાવવા માટે લખ્યું હતું. આ ગીત ફાલુ એટલે કે ફાલ્ગુની શાહ અને તેના પતિ ગૌરવ શાહે ગાયું છે. ખાસ વાત એ છે કે આ ગીતમાં પીએમ મોદી પણ જોવા મળી રહ્યા છે.

પીએમ મોદીના સૂચન પર, વર્ષ ૨૦૨૩ને 'બાજરીનું આંતરરાષ્ટ્રીય વર્ષ' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. પીએમ મોદી બરછટ અનાજને દેશના આહારનો મુખ્ય ભાગ બનાવવા પર સતત ભાર આપી રહ્યા છે.. આ ક્રમમાં, પીએમ મોદીએ ગ્રેમી એવોર્ડ વિજેતા ફાલ્ગુની શાહ અને તેના પતિ ગૌરવ શાહ સાથે મળીને એક ગીત લખ્યું હતું, જેથી વિશ્વને બાજરીના ફાયદાઓથી પરિચિત કરી શકાય. એબન્ડન્સ ઈન મિલેટ્સ ગીતને ગ્રેમી એવોર્ડ્સની બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક પરફોર્મન્સ કેટેગરીમાં નોમિનેટ કરવામાં આવ્યું છે. ફાલ્ગુની શાહ એટલે કે ફાલુને ૨૦૨૨માં ગ્રેમી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે, તેણીને આ એવોર્ડ અ કલરફુલ વર્લ્ડ માટે બેસ્ટ ચિલ્ડ્રન્સ આલ્બમ કેટેગરીમાં મળ્યો છે. એવોર્ડ જીત્યા પછી, તે નવી દિલ્હીમાં પીએમ મોદીને મળ્યા અને તે દરમિયાન તેમણે પીએમ મોદી સાથે બાજરીના દાણા પર ગીત કંપોઝ કરવાનો વિચાર શેર કર્યો હતો.

# ગૂગલ કરોડો Gmail એકાઉન્ટને કાયમ માટે ડિલિટ કરી નાખશે

નવી દિલ્હી, તા.૧૮

ગૂગલ અત્યારે વિશ્વની ટોચની ટેકનોલોજી કંપનીઓમાં સ્થાન ધરાવે છે અને તેણે આવતા મહિને કરોડો **Gmail** એકાઉન્ટને કાયમ માટે ડિલિટ કરવાનો નિર્ણય લીધો છે. ગૂગલના જે જીમેઈલ એકાઉન્ટ છેલ્લા બે વર્ષથી ઓપરેટ નહીં થયા હોય તેને બંધ કરી દેવામાં આવશે અને ફરીથી એક્સેસ નહીં થઈ શકે. **Google** એ તેની નવી પોલિસીમાં નક્કી કર્યું છે જે લોકો **Gmail** એકાઉન્ટનો છેલ્લા બે વર્ષથી ઉપયોગ નથી કરતા તેના એકાઉન્ટ ડિલિટ કરી દેવા. આમ કરવાથી ગૂગલની કામગીરી વધારે સ્મૂધ બનશે.

તેથી તમે પણ તમારા **Gmail** એકાઉન્ટનો રેગ્યુલર ઉપયોગ નથી કરતા અથવા છેલ્લા બે વર્ષમાં ઉપયોગ કર્યો નહીં હોય તો તમારું એકાઉન્ટ પણ ડિલિટ થઈ જવાની શક્યતા છે. ગુગલે તેના એકાઉન્ટ હોલ્ડરોને માત્ર એક મહિનાનો સમય આપ્યો છે. તેથી તમારે એકાઉન્ટ ચાલુ રાખવું હોય તો અત્યારે જ એક વખત લોગ ઈન કરી નાખો. ગૂગલના પ્રોડક્ટ મેનેજમેન્ટના વાઈસ પ્રેસિડન્ટ રુથ ક્રિચેલીએ એક બ્લોગમાં લખ્યું હતું કે તેઓ જીમેઈલને લગતું રિસ્ક ઘટાડવા માટે કામ કરી રહ્યા છે. ગૂગલે નક્કી કર્યું છે કે જે એકાઉન્ટ બે વર્ષથી બંધ હોય અને તેમાં લોગ ઈન કરવામાં આવતું ન હોય તેને ઈનએક્ટિવ કરી નાખવા. આવા એકાઉન્ટ ડિલિટ કરવામાં આવશે ગૂગલ આવું એટલા માટે કરે છે કારણ કે આવા એકાઉન્ટમાં જૂના અથવા રિયુઝૂડ પાસવર્ડનો ઉપયોગ થતો હોય છે અને તેમાં ચેડા થયા હોવાની શક્યતા છે ગુગલે તેના એકાઉન્ટ હોલ્ડરોને માત્ર એક મહિનાનો સમય આપ્યો છે અને તેની અંદર રહેલું કન્ટેન્ટ પણ જતું રહેશે જેમાં જીમેઈલ, ડોક્સ, ડ્રાઈવ, મીટ અને કેલેન્ડરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તમારા તમામ ગૂગલ ફોટો પણ ડિલિટ થઈ જવાના છે.

ગૂગલ આવું એટલા માટે કરે છે કારણ કે આવા એકાઉન્ટમાં જૂના અથવા રિયુઝૂડ પાસવર્ડનો ઉપયોગ થતો હોય છે અને તેમાં ચેડા થયા હોવાની શક્યતા છે. તેના કારણે આવા પાસવર્ડમાં ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન પણ નથી હોતું.

યુઝર દ્વારા બહુ ઓછા સિક્યોરિટી ચેક કરવામાં આવ્યા હોય છે. આ પોલિસી માત્ર પર્સનલ ગૂગલ એકાઉન્ટને જ લાગુ પડે છે જે છેલ્લા બે વર્ષથી લોગ ઈન નથી થયા. તેથી કોઈ સંસ્થાઓ કે સ્કૂલોના ગૂગલ એકાઉન્ટને તેની કોઈ અસર નહીં થાય. ગૂગલ બ્લોગ પોસ્ટ પ્રમાણે તમારે તમારું એકાઉન્ટ ચાલુ રાખવું હોય તો બે વર્ષની અંદર ઓછામાં ઓછા એક વખત તેને ઓપન કરો અને કંઈક એક્ટિવિટી કરો. આમ કરશો તો તમારું એકાઉન્ટ સક્રિય ગણાશે અને તેને ડિલિટ કરવામાં નહીં આવે. તમે કોઈ ઈમેલ મોકલો અથવા તેને ઓપન કરો, યુટ્યૂબ પર વીડિયો જુઓ, ગૂગલ ડ્રાઈવનો ઉપયોગ કરો અથવા ગૂગલ પ્લે સ્ટોર પરથી કંઈક ડાઉનલોડ કરશો તો પણ તમારું જીમેઈલ એકાઉન્ટ એક્ટિવ છે તેમ ગણવામાં આવશે અને તેને ડિલિટ કરવામાં નહીં આવે.

### એક પૈસા જમા કરાવે અને બીજો ઉપાડતો રહ્યો

# ગજબ કાંડ : એક બેન્ક ખાતાના ૨ માલિક નીકળ્યા




નવી દિલ્હી, તા.૧૮

બે વ્યક્તિ, એક બેંક અને એક ખાતું, એક પૈસા જમા કરાવે અને બીજો પૈસા ઉપાડતા રહે... આ અજબ ગજબ અને ચોંકાવનારો કિસ્સો બુંદેલખંડના સાગર જિલ્લામાંથી સામે આવ્યો છે. જ્યાં પંજાબ નેશનલ બેંક દ્વારા એક એકાઉન્ટ નંબરના બે એક જેવા નામવાળા વ્યક્તિઓને ખોલી દીધા હતા. જેમાંથી પૈસા ઉપાડવા માટે બેંકમાંથી ફરિયાદ કરી તો તેનું નિરાકરણ લાવવાની જગ્યાએ તેમના અકાઉન્ટ જ સીઝ કરી દીધા. શહેરના કટરામાં આવેલ પીએનબી બ્રાન્ચના કર્મચારીઓ દ્વારા આ કાંડ કરવામાં આવ્યો છે. પંજાબ નેશનલ બેંક દ્વારા એક જ ખાતા નંબર બે વ્યક્તિઓને આપવાના કિસ્સામાં જિલ્લા ગ્રાહક આયોગે ઘોર લાપરવાહી માનતા ક્ષતિપૂર્તિ તથા વળતરની સાથે બેંક અકાઉન્ટમાંથી ઉપાડવામાં આવેલી રકમ જમા કરવાના આદેશ આપ્યા છે. સંત રવિદાસ વોર્ડ નિવાસી ફરિયાદ મુન્નાલાલ ઠાકુર વ્યવસાયે મજૂર તથા ગરીબ વ્યક્તિ છે. તેમણે આ બેંકમાં ૨૦૧૫માં ખાતું ખોલાવ્યું હતું. બેંકે ગ્રાહકને પાસબુક પણ આપી હતી. જે બાદ આ ગ્રાહક બેંકમાં લેવડદેવડ કરતા રહ્યા, પણ જ્યારે મે ૨૦૨૨માં પીએમ આવાસનો ૧ લાખ રૂપિયાનો હપ્તો આવ્યો અને તેમણે ૪૫૦૦૦ રૂપિયા ઉપાડ્યા. બાદમાં ત્રણ દિવસ બાદ તેમને મેસેજ આવ્યો કે, એટીએમમાંથી ચાર વાર ૪૦૦૦૦ રૂપિયા ઉપાડવામાં આવ્યા. આ જોતા તેઓ બેંકમાં પહોંચી ગયા. કારણ કે મુન્નાલાલ પાસે એટીએમ કાર્ડ જ નથી, તો પછી પૈસા કેવી રીતે ઉપડે. આ બાબતને લઈને બેંકના કર્મચારીઓ સાથે વાત કરી તો અન્ય એક મુન્નાલાલ નામનો શખ્સ ત્યાં આવી પહોંચ્યો. તેણે પણ પોતાના અકાઉન્ટમાંથી પૈસા ઉપડી ગયા હોવાની વાત કહી. તેની પાસબુક જોઈ તો બેંકને પોતાની ભૂલ સમજાઈ કે એક અકાઉન્ટ નંબર બે લોકોને આપવામાં આવ્યા છે. ત્યાર બાદ કર્મચારીઓને બહાના બનાવતા રહ્યા. ત્યાર બાદ મુન્નાલાલ ઠાકુરે બેંકમાં ફરિયાદ આપી પણ બેંક તરફથી કોઈ નિરાકરણ આવ્યું નહીં, ઉલ્ટાનું તેમના અકાઉન્ટ સીઝ કરી દેવામાં આવ્યા. આ બધાથી પરેશાન થયેલા મુન્નાલાલે કોર્ટનો સહારો લીધો અને પોતાના વકીલ પવન નન્હોરિયાની મદદથી કોર્ટમાં ફરિયાદ દાખલ કરી અને વકીલે જણાવ્યું કે, જિલ્લા ગ્રાહક આયોગે માન્યું કે, બેંકની ઘોર લાપરવાહી છે. મુન્નાલાલને ૧૩ હજાર રૂપિયા ક્ષતિપૂર્તિ અને ૨ હજાર રૂપિયા ખર્ચ સાથે બેંકને નિર્દેશિત કર્યું કે, ૩ દિવસની અંદર તેનું ખાતું ચાલું કરવા અને બેંક ખાતામાંથી ઉપાડવામાં આવેલી રકમ જમા કરવામાં આવે.

## તેલંગણાના મંત્રી કે.ટી.રામારાવ પ્રચાર વાહનની રેલિંગ તૂટતાં પડ્યા

હૈદ્રાબાદ, તા.૧૮

તેલંગાણામાં ૩૦ નવેમ્બરે યોજનાર ચૂંટણી માટે પ્રચાર જોરશોરથી ચાલી રહ્યું છે. આ દરમિયાન સત્તાધારી પાર્ટી ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) ના કાર્યકારી અધ્યક્ષ અને રાજ્ય સરકારમાં મંત્રી કે.ટી.રામારાવ (કેટીઆર) એક દુર્ઘટનાનો શિકાર થઇ ગયા. અહીં નિઝામાબાદ જિલ્લાના આર્મૂર વિસ્તારમાં રોડ શો દરમિયાન ચૂંટણી પ્રચાર વાહનની રેલિંગ તૂટતાં તેઓ હેઠાં પડ્યા હતા. જેમાં તેમનો આબાદ બચાવ થયો હતો. અહેવાલ અનુસાર કેટીઆરને આ દુર્ઘટનામાં સામાન્ય ઈજાઓ થઈ હતી. ડ્રાયવરે અચાનક બ્રેક મારી દેતાં ગાડી પર સવાર મોટાભાગના લોકોને જોરદાર ઝટકો લાગ્યો હતો જેના લીધે રેલિંગ તૂટી ગઈ અને મંત્રી સાથે ઊભેલા લોકો પણ એક પર એક પડી ગયા હતા. ડ્રાયવરે અચાનક બ્રેક મારતાં ગાડી પર સવાર મોટાભાગના લોકોને ઝટકો લાગ્યો : કેટીઆરને સામાન્ય ઈજાઓ થઈ સુરક્ષાકર્મીઓ તાત્કાલિક બચાવ માટે આવી ગયા હતા. આ ઘટના ત્યારે બની જ્યારે કેટીઆર અન્ય લોકો સાથે આર્મૂરથી બીઆરએસ ઉમેદવાર જીવન રેડ્ડીના નોમિનેશન ફાઈલ કરવા માટે રિટર્નિંગ ઓફિસરના કાર્યાલયની નજીક એક રેલીમાં જઈ રહ્યા હતા.

## મુંબઈમાં પૂર ઝડપે જતી કારને અકસ્માતમાં ત્રણનાં મોત થયા

મુંબઈ, તા.૧૮

મુંબઈમાં ગઈકાલે રાતે બાંદ્રા-વરલી સી લિંક પરના ટોલ પ્લાઝા પર એક પુરપાટ ઝડપે આવી રહેલી કારે ભયાનક અકસ્માત સર્જ્યો હતો જેમાં ત્રણ લોકોના મોત થયા છે જ્યારે ૬ લોકો ઘાયલ થયાના અહેવાલ મળી રહ્યા છે. મુંબઈમાં બાંદ્રા-વરલી લિંક રોડ પર ગઈકાલે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો, જેમાં એક પુરપાટ ઝડપે આવી રહેલી કારે ટોલ પ્લાઝા પાસે પાર્ક કરેલા ૬ વાહનોને ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ગંભીર હતો કે વાહનોનો બુકડો બોલી ગયો હતો. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે જ્યારે ૬ લોકો ઘાયલ થયા છે જેને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસ દ્વારા આપવામાં આવેલી પ્રાથમિક માહિતી અનુસાર ગઈકાલે રાત્રે ૧૦.૦૦ વાગ્યે સી લિંક પર ટોલ પ્લાઝાથી માત્ર ૧૦૦ મીટર પહેલા આ અકસ્માતની ઘટના બની હતી. પોલીસે કહ્યું હતું કે રાત્રે બાંદ્રા તરફ જઈ રહેલી એક હાઈસ્પીડ કાર અનેક વાહનો સાથે અથડાઈ હતી.ડીસીપીએ જણાવ્યું કે ઘાયલોમાંથી ચારની હાલત સ્થિર છે અને અન્ય બેની હાલત ગંભીર છે. ગંભીર રીતે ઘવાયેલા પૈકી એકની લીલાવતી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને અન્ય પાંચ ભાભા હોસ્પિટલમાં દાખલ છે. પોલીસે જણાવ્યું કે ઈજાગ્રસ્તોમાં કારનો ડ્રાઈવર પણ સામેલ છે.

### દેશમાં દિવસેને દિવસે ક્રાઈમ વધી રહ્યો છે


# દહેરાદૂનમાં જ્વેલરીના શો રૂમમાંથી બંદૂકની અણીએ ૨૦ કરોડની લૂંટ



દહેરાદૂન, તા.૧૮

દેશમાં દિવસેને દિવસે ક્રાઈમ વધી રહ્યો છે તેમજ લૂંટના બનાવોના કિસ્સાઓ સામે આવી રહ્યા છે ત્યારે દેહરાદૂનમાં બદમાશોએ બંદૂકની અણીએ જ્વેલરીના શોરુમમાં ૨૦ કરોડ રૂપિયાની કિંમતના સોના-ચાંદીના દાગીનાની લૂંટને અંજામ આપ્યો હતો. ઉત્તરાખંડની રાજધાની દેહરાદૂનમાં રિલાયન્સ જ્વેલરીના શોરુમમાં બદમાશો ઘૂસી ગયા હતા અને બંદૂકની અણીએ ફક્ત ૨૫ મિનિટમાં જ ૨૦ કરોડ રૂપિયાની કિંમતના સોના-ચાંદીના દાગીનાની લૂંટને અંજામ આપ્યો હતો. આ ઉપરાંત શોરુમમાં કેટલાક કર્મચારીઓને માર મારવામાં પણ આવ્યો હતો. આ લૂંટની ઘટના ગઈકાલે સવારે શહેરના રાજપુર રોડ સ્થિત રિલાયન્સના જ્વેલરી શોરૂમમાં બની હતી જ્યારે જ્વેલરીને સજાવવાની તૈયારીઓ ચાલી રહી હતી. આ ઘટનાની માહિતી આપતા એસપી સરિતા ડોભાલે કહ્યું હતું કે લૂંટના સીસીટીવી મળી આવ્યા છે જેના આધારે હાલ પોલીસ તપાસ કરી રહી છે. આ લૂંટના મામલે શોરૂમ મેનેજર સૌરભ અગ્રવાલ તરફથી કેસ નોંધવામાં આવ્યો છે. હાલ પોલીસ આરોપીને શોધી રહી છે. આ ઉપરાંત દેહરાદૂનના એસએસપી અજય સિંહે જણાવ્યું કે શોરૂમમાંથી આશરે ૨૦ કરોડ રૂપિયાની કિંમતના સોના-ચાંદીના દાગીનાની લૂંટ કરવામાં આવી હતી. બદમાશોને શોધવા માટે વિવિધ સ્થળોએ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

# ભારતમાં લોકશાહી હિંદુ સંસ્કૃતીને લીધે જીવીત પણ અસહિષ્ણુતા વધી



મુંબઈ, તા.૧૮

ગીતકાર જાવેદ અખ્તરે દિવાળી પર આયોજિત કાર્યક્રમને સંબોધતાં હિન્દુ સંસ્કૃતિમાં સહિષ્ણુતની પ્રશંસા કરતાં કહ્યું કે જો ભારતમાં લોકતંત્ર કાયમ છે તો તેનું કારણ હિન્દુ સંસ્કૃતિ જ છે. એ વિચારવું કે આપણે સાચા છીએ અને બીજા લોકો ખોટા છે તે હિન્દુ સંસ્કૃતિનો ભાગ નથી. જાવેદ અખ્તરે આ સાથે જ કહ્યું કે જોકે હવે અસહિષ્ણુતા પણ વધી ગઈ છે પરંતુ દેશમાં લોકતંત્ર કાયમ છે કેમ કે હિન્દુ સંસ્કૃતિ સહિષ્ણુતાવાળી છે. જાવેદ અખ્તરે આ ટિપ્પણી મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના (એમએનએસ) પ્રમુખ રાજ ઠાકરે દ્વારા આયોજિત દીપોત્સવ કાર્યક્રમ દરમિયાન કરી હતી. આ દરમિયાન તેમની સાથે મંચ પર સલીમ ખાન પણ હાજર હતા. બંને લેખક લાંબા સમય પછી એકસાથે જોવા મળ્યા. એક સમયે બંને વચ્ચે મતભેદના અહેવાલ ફરતા થયા હતા. આ બંનેની જોડીએ જ શોલે જેવી સુપરહીટ ફિલ્મની પટકથા લખી હતી. તેમણે કહ્યું કે આજે જે ફિલ્મો બની રહી છે તેને પરિવાર સાથે બેસીને જોઈ શકાય તેમ નથી. અભિવ્યક્તિની આઝાદી ઘટી છે અને હું આ વાત સતત કહેતો આવ્યો છું. જો આજે અમે શોલે લખી હોત તો મંદિરમાં અભિનેત્રી સાથે ધર્મેન્દ્રના ડાયલોગ્સ પર હોબાળો મચી ગયો હોત. આ રીતે સંજોગ ફિલ્મમાં ઓમપ્રકાશ જે રીતે ગીતમાં કૃષ્ણ અને સુદામાની કહાની સંભળાવે છે તે શું આજે એવું થઈ શકે છે? જાવેદ અખ્તરે કહ્યું કે અસહિષ્ણુતા આજે વધી રહી છે. દિવાળીના કાર્યક્રમને સંબોધન કરતા જાવેદ અખ્તરનું નિવેદનઅખ્તરે આ ટિપ્પણી મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે દ્વારા આયોજિત દીપોત્સવ કાર્યક્રમ દરમિયાન કરી પહેલા અમુક લોકો અસહિષ્ણુ હતા. હિન્દુ એવા નહોતા. હિન્દુઓની સૌથી મોટી ખાસિયત એ રહી છે કે તેમના વિચાર હંમેશા વિશાળ રહ્યા છે. જો આ ખાસિયત ખતમ થઈ જશે તો એ પણ બીજા લોકો જેવા થઈ જશે. એવું ન થવું જોઈએ.

# એપ્રિલ ૨૦૨૪માં હીટવેવથી જનજીવન પ્રભાવિત થશે

નવી દિલ્હી, તા.૧૮

૨૦૨૩ની સરખામણીમાં ૨૦૨૪માં ઉનાળો વધુ આકરો થવાની સંભાવનાઓ છે. એપ્રિલ ૨૦૨૪ સુધીમાં અલ નીનો શક્તિશાળી રહેશે, જેના કારણે હીટ વેવથી જનજીવન પ્રભાવિત થશે. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે તાપમાનમાં ફેરફાર થતા કૃષિ પણ પ્રભાવિત થશે. જેના કારણે ખોરાકની અછતની સમસ્યા પણ સર્જાઈ શકે છે. ડબલ્યુએમઓએ ક્લાઈમેટ ચેન્જ અને અલ નીનોની અસરને કારણે આ સમસ્યા ઊભી થવાની શક્યતા જણાવી હતી. જેના કારણે અમુક વિસ્તારમાં અતિવર્ષા પણ થઈ શકે છે. આ સિવાય હીટ વેવનો સૌથી વધુ પ્રભાવ પણ જોવા મળી શકે છે. જેના કારણે જંગલોમાં આગ લાગવાની ઘટના પણ સંભવી શકે છે. અમેરિકન રિસર્ચ સેન્ટર નાસા અને વિશ્વ હવામાન સંસ્થાના વૈજ્ઞાનિકોએ પણ ૨૦૨૪માં હવામાનની સ્થિતિને લઈને ચેતવણી જાહેર કરી છે. ૨૦૧૬ની સરખામણીએ ૨૦૨૩ સૌથી ગરમ વર્ષ રહ્યું છે અને ૨૦૨૪માં સૌથી ગરમ વર્ષ બની શકે છે તેવી માહિતી નાસા દ્વારા આપવામાં આવી છે. સંસ્થાનું કહેવું છે કે, ક્લાઈમેટ ચેન્જ અને અલ નીનોની અસરને કારણે દુનિયામાં આ પ્રકારની સ્થિતિ સર્જાઈ રહી છે. હાલમાં અલ નીનો સક્રિય હોવાથી તેની અસરના ભાગરૂપે તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. તે આવતા વર્ષે એપ્રિલ સુધી ૯૦ ટકા સક્રિય રહેવાની ધારણા છે. અલ નિનોની રચનાને કારણે આવનાર ચોમાસાને પણ અસર થઈ છે. પેસિફિક મહાસાગરમાં અતિશય ગરમીના કારણે પાણીનું સ્તર વધી રહ્યું છે અને વિવિધ સ્થળોએ સમુદ્ર કિનારા ઓછા થઈ રહ્યા છે. વિવિધ સ્થળોએ બરફ પણ પીગળી રહ્યો છે. જેના કારણે દિવસેને દિવસે દુર્ઘટના વધી રહી છે. આવી સ્થિતિમાં, આ વર્ષે પેસિફિક મહાસાગરમાં સમુદ્રનું તાપમાન સામાન્ય કરતા ૨ ડિગ્રી વધુ રહેવાની સંભાવના છે, આવી સ્થિતિમાં તે સુપર અલ નીનોમાં ફેરવાઈ જવાની પણ સંભાવના છે. અલ નીનોને કારણે, કૃષિ ક્ષેત્રે હાલાકી ભોગવવી પડશે અને ખાદ્યપદાર્થોની અછત જેવી પરિસ્થિતિ ઊભી થશે. આવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પર્યાવરણ નિષ્ણાતો દ્વારા તેનો સામનો કરવા બાબતે મહત્વ આપી રહ્યા છે. જેમના મુજબ આવી પરિસ્થિતિનો સામનો કરવા માટે આબોહવા અનુરૂપ ખેતી કરવાની જરૂર છે. આ સાથે જળ સંચય માટે પણ વ્યવસ્થા કરવાની જરૂર છે. ક્લાઈમેટ ચેન્જના કારણે આગામી દિવસોમાં આ પ્રકારની સ્થિતિ વધશે. આવી સ્થિતિમાં નુકશાન ટાળવા



માટે આગોતરી તૈયારી જરૂરી છે. જૂન મહિનાથી અલ નીનોની અસર શરૂ થવાના કારણે હાલમાં ઠંડીને બદલે ગરમી અને ભેજ જેવી સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. એટલું જ નહીં, અલ નીનોની અસરને કારણે દેશના ઘણા ભાગોમાં ચોમાસાનો વરસાદ પણ ઓછો થયો છે.

### ભાવનગર સેન્ટ્રલ સોલ્ટની ડ્રેનેજમાં દુર્ઘટના ઘટી

# ગેસ ગળતરથી ગૂંગળાઈ જતાં મનપાના એક સફાઈ કામદારનું મોત

ભાવનગર, તા.૧૮

ભાવનગરના સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ ઈન્સ્ટિટ્યૂટમાં ડ્રેનેજ સફાઈની કામગીરી ચાલતી હતી. જેમાં ૨ કર્મચારીઓ સફાઈ કરવા ઉતાર્યા હતા. જેમાં ટાંકામાં કોઈ પ્રકારના ગેસ ગળતરથી ગૂંગળાઈ જતાં મનપાના એક સફાઈ કામદારનું મોત થવાથી ભારે ઉહાપોહ મચી જવા પામ્યો હતો. જેમાં સુપ્રીમ કોર્ટની મનાઈ હોવા છતાં ડ્રેનેજમાં કયા અધિકારીની સૂચનાથી આ કામદાર અંદર ઉતર્યો હતો અને તેમાં જે અધિકારી જવાબદાર હોય તેની સામે પગલાં લેવા પરિવારે માંગ કરી હતી. ભાવનગરના સેન્ટ્રલ સોલ્ટમાં બનેલી આ ઘટનાની જાણ મૃતકના પરિવાર અને સમાજ ને થતા મોટી સંખ્યામાં લોકોના ટોળા એકઠા થયા હતા અને જવાબદારો સામે પગલાં ભરવા માંગ કરી હતી. અહીં ભીમ સેનાના આગેવાન એ જણાવ્યું હતુ કે સુપ્રીમ કોર્ટના નિયમ મુજબ ડ્રેનેજ સફાઈમાં કર્મચારીને ગટરમાં ઉતારવા ઉપર મનાઈ કરવામાં આવી છે, ત્યારે આ વ્યક્તિને કોના આદેશથી ગટરમાં ઉતારવામાં આવ્યા હતા. ભાવનગર શહેરમાં મનપા દ્વારા આજે સવારે શહેરની સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ ઈન્સ્ટિટ્યૂટમાં ડ્રેનેજની સફાઈ કરવા બે કર્મચારી ને મશીન સાથે મોકલવામાં આવ્યા હતા, જેમાં ગટર સાફ કરવા સૌ પ્રથમ આઉટ સોર્સથી કામ કરતો સુરેશ નામનો કર્મચારી ગટરના ટાંકામાં ઉતર્યો હતો, જેને ગૂંગળામણ થતા મનપાનો કાયમી સફાઈ કર્મચારી તેને બચવા અંદર ઉતર્યો હતો, જેમાં સુરેશ નામનો આઉટ સોર્સનો કર્મચારી તો બચી ગયો, પરંતુ તેને બચાવવા ઉતરેલ રાજેશ વેગડ નામનો મનપાનો કાયમી કર્મચારી ગૂંગળાઈ જતા તેનું મોત થયું હતું. આ ઘટનાની જાણ ફાયરને કરતા ફાયર બ્રિગેડ ના કાફલા એ બન્ને ને ગટરના ટાંકા માથી બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યા હતા, જેમાં રાજેશ નામના વ્યક્તિને ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો, ઘટના ના પગલે પરિવારમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો, જેમાં ઘટના બાદ લાંબા સમય સુધી મનપા કમિશનર કે કોઈ નહી આવતા લોકોનો રોષ ચરમસીમાએ પહોંચ્યો હતો.

### પૂર્વ ભારતીય સ્ટાર ક્રિકેટરનું વિવાદાસ્પદ નિવેદન

# વિરાટ પોતાને રોનાલ્ડો સમજે છે, પણ છે નહી : યુવરાજસિંહ



નવી દિલ્હી, તા.૧૮

ભારતના પૂર્વ ખેલાડી યુવરાજસિંહ હાલમાં જ પોતાના નિવેદનના કારણે ચર્ચામાં છે. પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની સાથે પોતાની મિત્રતાને લઈને આપેલા નિવેદન બાદ હવે તેમણે વિરાટ કોહલી અંગે મોટો ખુલાસો કર્યો છે. યુવરાજે કોહલીની મજા લેતા કહ્યું કે, 'તેઓ ખુદને ક્રિસ્ટિયાનો રોનાલ્ડો સમજે છે, પરંતુ તે છે નહીં.' યુવરાજે અને કોહલી બંને ભારત માટે એક સાથે રમી ચૂક્યા છે. આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમમાં પણ બંને કેટલી સીઝનમાં સાથે હતા. જ્યાં યુવરાજે ૨૦૧૯માં પોતાના ઈન્ટરનેશનલ ક્રિકેટ કરિયરને અલવિદા કહી દીધું, ત્યારે કોહલી ટીમનો ભાગ બનેલા છે. આ બંને ફેમસ ક્રિકેટર હોવાની સાથો-સાથ ફૂટબોલના પણ સારા ખેલાડી છે અને યુવરાજનું માનવું છે કે, તેઓ આ રમતમાં કોહલીથી સારું રમે છે. યુવરાજે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, ફૂટબોલમાં મારી અને વિરાટની ખૂબ લડાઈ થઈ છે. મારી આશીષ નેહરા અને વિરેન્દ્ર સહેવાગ સાથે પણ ફૂટબોલમાં લડાઈ થઈ છે. જ્યારે યુવરાજને પૂછવામાં આવ્યું કે, કોહલી સારા ફૂટબોલર છે, તો તેમણે કહ્યું કે, વિરાટને એવું લાગે છે કે તેમની પાસે ક્ષમતા છે, પરંતુ મારા અંદર તેનાથી વધુ છે. તેઓ શાનદાર બેટ્સમેન છે અને ફૂટબોલરમાં સારો હું છું. વિરાટ વિચારે છે કે, તેઓ ક્રિસ્ટિયાનો રોનાલ્ડો છે, પરંતુ તેઓ છે નહીં. યુવરાજે મહેન્દ્ર સિંહ ધોની સાથે પોતાની મિત્રતાને લઈને આપેલા નિવેદન બાદ હવે કોહલી અંગે મોટો ખુલાસો કર્યો ક્રિકેટમાં તેઓ ક્રિસ્ટિયાનો રોનાલ્ડોછે. વધુમાં યુવરાજે કહ્યું કે, તેઓ કોહલીને વધુ હેરાન નથી કરતા, કારણ કે તેઓ ખુબ વ્યસ્ત છે.

# કેન્સરગ્રસ્ત માતાનો રાજીપો મેળવવા પુત્રના ઘડીયાલગ્ન લેવાયા, નવદંપત્તિને આશીર્વાદ આપી માતાએ અનંતની વાટ પકડી!

## વિસાવદર તાલુકાના માંડાવડ ગામે વિપ્ર પરિવારમાં હૈયું હચમચાવી નાખે તેવી ઘટનાઃ વિકમા પરિવારને સાંત્વના આપવા લોકો ઉમટયા



જૂનાગઢ તા. ૧૮

દિવાળીના સપરમાં દિવસોમાં હૈયું હચમચાવી નાખે તેવી એક ઘટના નાનકડા એવા માંડાવડ ગામે બની છે. કેન્સરગ્રસ્ત માતાનો રાજીપો મેળવવા પુત્રના ઘડીયા લગ્ન લેવાયા અને નવદંપત્તિ જયારે તેની માતા પાસે ગયા ત્યારે માતાના બંને આંખોમાં હરખના આંસુઓનો દરિયો ઉમટયો હતો અને થોડીવારમાં પ્રાણ છોડી દીધા હતા. વિસાવદર તાલુકાના બ્રહ્મસમાજના તેમજ તાલુકા પત્રકાર સંઘના પ્રમુખ ગીજુભાઈ વિકમા આ દુઃખદ ઘટના વિષે જણાવતા ભાવુક બની ગયા હતા. વિસાવદરથી બે કિ.મી.ના અંતરે આવેલા પંખીના માળાજેવા નાનકડા માંડાવડ ગામમાં સૌ ગ્રામજનો સંપીને રહે, ગીજુભાઈ વિકમાના લઘુબંધું મુન્નાભાઈ વિકમા હાલ સરપંચ પદે સેવા આપે છે. તેમના પત્ની ધર્મિષ્ઠાબેન (ઉ.વ.૪૫)ને બે વર્ષ પહેલા બ્લડ કેન્સરનું નિદાન થયું હતું. તત્કાલ ઘનિષ્ઠ સારવાર કરવામાં આવતા પુર્વ સરપંચ અને સાલસ સ્વભાવ ધરાવતા ધર્મિષ્ઠાબેનની તબીયત ઘણી સુધારા પર હતી.

ગીજુભાઈ વિકમાએ હૈયું હચમચાવી નાખે તેવી વાતની શરૂઆત કરતા કહયું કે, લઘુબંધુ મુન્નાભાઈ વિકમા વર્તમાન સરપંચ છે. જયારે તેમના પત્ની ધર્મિષ્ઠાબેન ગત ટર્મમાં સરપંચ હતા. માંડાવડના વિકાસ માટે તેમણે ઘણું યોગદાન આપ્યું છે. મુન્નાભાઈના પત્ની ધર્મિષ્ઠાબેનની ઘનિષ્ઠ સારવાર બાદ તેમના પુત્ર અભિનાં આગામી ૨૮-૨૯ નવેમ્બરના લગ્ન નિર્ધાયા હતા. પણ કુદરતના ક્રુર ઘાએ ધર્મિષ્ઠાબેનને તેના કેન્સરના રોગે ફરી ઉથલો માર્યો, લગ્નની તમામ ખરીદી, આયોજન, કાંકોત્રી લખાઈ ચુકી હોવા છતાં તેમના પરિવારે ધર્મિષ્ઠાબેનને ફરી તંદુરસ્ત કરવા ચાપરડા સ્થિત જયઅંબે હોસ્પીટલમાં દાખલ કર્યા, ત્યાં પણ પ્લાઝમાની વ્યવસ્થા કરી પણ તબિયત વધુ લથડતી જતી હતી. મૃત્યુને નજીક દેખી ચુકેલા ધર્મિષ્ઠાબેનને હોસ્પીટલના બિછાનેથી તેના પરિવાર સમક્ષ એવી ઈચ્છા વ્યકત કરી કે હું અનંતની યાત્રાએ જાઉં તે પહેલા મારે મારા દિકરા અભિને પરણાવવો છે. પળનો પણ વિલંબ કર્યા વગર ગીજુભાઈ તેના વડીલબંધુ મુળશંકરભાઈ અને લઘુબંધુ મુન્નાભાઈએ વેવાઈને સમજાવી પુત્ર અભિના ૭મી તારીખના ઘડીયા લગ્ન લીધા.!

પુત્ર અભિ અને પુત્રવધુ આરાધના પરણીને સીધા માતા ધર્મિષ્ઠાબેન પાસે હોસ્પીટલના બિછાને પહોંચી ગયા. માતાએ આંખો તો ન ખોલી પણ આંખોમાંથી અનંત અશ્રુઓની ધારા વહાવી નવદંપત્તિને આશીર્વાદ આપ્યા હતા. આ ઘટના પછી બે કલાકે કેન્સરગ્રસ્ત માતા ધર્મિષ્ઠાબેને પ્રાણ છોડી દેતા આખું માંડાવડ અને આ વિપ્ર પરિવારમાં શોકનું મોજું છવાઈ ગયું હતું.

ન જાણ્યું જાનકીનાથે કે કાલ સવારે શું થશે? આ ઉક્તિ અનુસાર માંડાવડના વિપ્ર પરિવાર પર પડેલા આ પહાડ જેવા આઘાતને સહન કરવાની શક્તિ આપે તેવા આશયથી તા.૮મી એ સદ્‌ગત ધર્મિષ્ઠાબેનની સ્મશાન યાત્રામાં વિસાવદર તાલુકાના સમાજશ્રેષ્ઠીઓ, રાજકીય અગ્રણીઓ અને પત્રકાર સંઘના સભ્યો ઉમટી પડયા હતા અને વિકમા પરિવારનો સાંત્વના પાઠવી હતી. આમ દિવાળી જેવા સપરના દિવસોમાં વિકમા પરિવાર પર આભ ફાટે તેવું દુઃખ વરસતું ત્યારે પરિવારના જૈફ વયના પ્રભાશંકરભાઈએ શોકગ્રસ્ત પરિવારને સાંત્વના પાઠવી હતી. સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર પણ વિકમા પરિવારના આ દુઃખમાં સહભાગી બની સાંત્વના પાઠવે છે.

### અગ્નિકુંડમાંથી આગના જ્વાળાનો વીડિયો વાયરલ

# અઝરબૈઝાનની આતિશગાહની દીવાલો પર દેવી-દેવતાના લખાણ

## બાકુ પાસેના એક સ્થળનું ભારતીય કનેકશન, આ એક મંદિર છે તેના ટેમ્પલ ઓફ ફાયર કહેવામાં આવે છે જે બાકુ આતિશગાહના નામથી જાણીતું છે

બાકુ, તા.૧૮

આ સ્થળે એક અગ્નિકૂંડ છે જેમાંથી આગની જવાળાઓ નિકળી રહી હોવાના ફોટા તથા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા રહે છે. આતિશગાહ તરીકે ઓળખાતા આ સ્થળની દીવાલો પર દેવનાગરી લિપિ,સંસ્કૃત અને ગુરુમુખી લિપી (પંજાબી)માં કેટલાક લેખો પણ લખવામાં આવ્યા છે. શિલાલેખો પર હિંદુ દેવતા ગણેશ, શીવજી અને દેવી જવાળાનો ઉલ્લેખ છે. એક સમયે સોવિયત સંઘનો ભાગ ગણાતા મધ્ય એશિયાઇ અઝરબેઝાન દેશમાં ૯૮ ટકા લોકો ઈસ્લામ ધર્મ પાળે છે પરંતુ અઝરબેઝાનની રાજધાની બાકુ પાસેના એક સ્થળનું ભારતીય કનેકશન ચર્ચામાં છે. આ એક મંદિર છે તેના ટેમ્પલ ઓફ ફાયર કહેવામાં આવે છે જે બાકુ આતિશગાહના નામથી જાણીતું છે.

આ આતેશગાહ એટલે કે જવાલા મંદિર રાજધાની બાકુ નજીકના સુરાખાની શહેરમાં આવેલું એક મધ્યકાલીન હિંદુ ધાર્મિક સ્થળ છે. જેમાં પંચ ભૂજા આકારની વચ્ચે એક મંદિર છે. આ મંદિરની બહારની દીવાલો પાસે ઓરડા જેવા મળે છે જયાં એક સમયે પૂજારીઓ રહેતા હશે એવું માનવામાં આવે છે. ફારસીમાં આતિશનો અર્થ આગ થાય છે. ઈરાની લઢણમાં આતેશ એવો ઉચ્ચાર થાય છે. ગાહનો મતલબ સિંહાસન કે ઘર એવો થાય છે. ઈદગાહ, બંદરગાહની જેમ આતિશગાહ એટલે આગનું ઘર જે અગ્નિ ટેમ્પલ તરીકે જાણીતું છે. સુરાખાની શહેર અઝરબેઝાનના આબશેરોન પ્રાયદ્વીપ પર આવેલું છે જે કાસ્પિયન સાગરને મળે છે. અહીંયાની જમીનમાં દાયકાઓથી કુદરતી ગેસ અને તેલનું ગળતર થતું રહે છે. આથી કેટલાક સ્થળે સ્વયં આગ પકડી લે છે. આગને પારસી અનુયાયીઓ પવિત્ર માને છે. હિંદુ વૈદિક ધર્મ અને પારસી ધર્મ બંનેમાં અગ્નિને પવિત્ર માનવામાં આવે છે. આથી આ પારસી કે હિંદુ મંદિર અંગે કેટલાક વિદ્વાનોમાં મતભેદ રહયા છે. મંદિર પર ત્રિશુલ આકાર હિંદુ ધર્મની નિશાની ગણાય છે આથી કેટલાક વિદ્વાનો હિંદુ ટેમ્પલ જ માને છે. તો કોઇ પારસી અને હિંદુઓને જ એક સરખા જ માને છે. આ સ્થળે વર્ષોથી આપમેળે જયોત જલતી હોવાનો મહિમા ગાવામાં આવે છે.

આ સ્થળે મંદિરમાં એક અગ્નિકૂંડ છે જયાં મંદિર સતત આગની જવાળાઓ નિકળી રહી હોવાના ફોટા તથા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા રહે છે. મંદિરની દીવાલો પર દેવનાગરી લિપિ,સંસ્કૃત અને ગુરુમુખી લિપી (પંજાબી)માં કેટલાક લેખો પણ લખવામાં આવ્યા છે. શિલાલેખો પર હિંદુ દેવતા ગણેશ, શીવજી અને દેવી જવાળાનો ઉલ્લેખ છે. એક માહિતી મુજબ મધ્યકાળના અંતમાં મધ્ય એશિયામાં ભારતીય સમુદાયના પંજાબ અને મુલ્તાન વિસ્તારના લોકો આર્મેનિયાઈઓ સાથે વ્યાપાર કરતા હતા. કાસ્પિયનસાગર પર ચાલતા જહાજોના લાકડાકામ ભારતીય કારીગરો કરતા હતા. ઘણા ઈતિહાસકારોનું માનવું છે કે બાકુમાં રહેતા કોઇ ભારતીય સમુદાયના લોકોએ જ આ અગ્નિ સ્થળ બનાવ્યું હશે. અથવાતો કોઈ જુના ઢાંચાની મરામત કરીને સ્થળનું નિર્માણ થયું હોય તેવું પણ બની શકે છે.

યુરોપિયન વિદ્વાનો અને પ્રવાસીઓ ભારતીય ઉપ મહાદ્વીપમાં આવતા થયા ત્યારે બાકુ અને ભારત વચ્ચેના આ સ્થળે પ્રવાસ કરતા હિંદુ ભકતો પણ મળતા હતા.

એક માહિતી મુજબ ફાયર ટેમ્પલના આ મંદિરના નિર્માતા બુધ્ધદેવ જે કુરુક્ષેત્ર પાસેના માદજા ગામના રહેવાસી હતા. નિર્માણની સંવત ૧૭૮૩ અને મંદિર તૈયાર કરનારાના નામમાં ઉત્તમચંદ અને શોભરાજનું પણ નામ છે. ઐતિહાસિક સાક્ષીઓ મુજબ ભારતીય પૂજારીઓ રોજ પૂજાપાઠ કરતા હતા. પહેલા પણ આવીને દેવી માનીને પૂજતા હતા. ભારતીય પૂજારીઓ ઈસ ૧૮૬૦માં કોઇ પણ કારણોસર આ સ્થળ છોડીને જતા રહયા ત્યારથી આ મંદિર સૂનુ પડયું છે.

આ મંદિરમાં શીખ અને પારસી પણ અલગ અલગ સમયે પૂજા કરતા હતા. અઝરબેઝાન સરકારે ૧૯ ડિસેમ્બર ૨૦૦૭માં આ મંદિરને ઐતિહાસિક અને વાસ્તુશિલ્પ આરક્ષિત જાહેર કરી હતી. ૩૦ ડિસેમ્બરે ૧૯૯૮માં આ સ્થળેને યુનેસ્કોએ સૂચિત યાદીમાં રાખ્યું હતું પરંતુ બાકુ પહાડીઓનો સમાવેશ થયો હોવાનું જાણવા મળતું નથી. અઝરબેઝાનનો આ વિસ્તાર કુદરતી ગેસનો ભંડાર રહયો છે.

પથરાળ સપાટી પર નાના છેદ પડવાથી બહાર આવતો ગેસ હવાની તેજ ગતિના સંપર્કમાં આવે એટલે અગ્નિ પ્રગટેલો રહેતો હતો પરંતુ ૧૯૬૯ આસપાસ નેચરલ ગેસના ભંડારના દબાણમાં કુદરતી રીતે ફેરફાર થવાથી જવાળા બંધ થઈ જતી હતી આથી ગેસ લાઈન દ્વારા આગ પ્રગટેલી રાખવામાં આવે છે. બાકુ આતિશગાહને મ્યુઝિયમમાં ફેરવી નાખવામાં આવ્યું છે. દર વર્ષે ૧૫૦૦૦ જેટલા પ્રવાસીઓ મુલાકાતે આવે છે. ૨૦૧૮માં ભારતના તત્કાલિન વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ અઝરબેઝાન ગયા ત્યારે આ સ્થળની મુલાકાત લીધી હતી.

# સિઝનમાં ૫૦૦ રન પાર કરનારો રોહિત શર્મા પ્રથમ ભારતીય સુકાની

બેંગલુરૂ, તા.૧૮

ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માએ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં શાનદાર પ્રદર્શન કર્યું છે. તેણે દરેક મેચમાં ભારતીય ટીમને શાનદાર શરૂઆત આપી હતી.

રોહિતે નેધરલેન્ડ્સ સામે રમાયેલી અંતિમ લીગ મેચમાં ૫૪ બોલમાં ૬૧ રન બનાવ્યા હતા. આ સાથે જ રોહિતે ઘણાં રેકોર્ડ પોતાના નામે કર્યા હતા. રોહિતે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં ૫૦૦ રનનો આંકડો પાર કરી લીધો છે. આ સાથે જ રોહિત ૫૦૦ રનનો આંકડો પાર કરનાર પ્રથમ ભારતીય કેપ્ટન બની ગયો છે.

રોહિતે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં અત્યાર સુધી કુલ ૯ મેચ રમી છે જેમાં તેણે ૫૫.૮૮ના એવરેજ અને ૧૨૧.૪૯ ના સ્ટ્રાઈક રેટથી ૫૦૩ રન બનાવ્યા છે. આ દરમિયાન રોહિતે ૧ સદી અને ૩ ફિફ્ટી ફટકારી છે. રોહિતે આ વર્લ્ડ કપમાં ૨૪ છગ્ગા અને ૫૮ ચોગ્ગા પણ ફટકાર્યા છે. રોહિત વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેનોની લીસ્ટમાં ચોથા નંબરે છે. આ ઉપરાંત રોહિતે આ વર્લ્ડ કપમાં વધુ એક રેકોર્ડ પોતાના નામે કર્યો છે.

રોહિત શર્માએ વર્લ્ડ કપની બે સિઝનમાં ૫૦૦થી વધુ રન બનાવવાનો રેકોર્ડ પણ બનાવ્યો છે. રોહિત શર્મા પહેલા આ રેકોર્ડ ભારતીય ટીમના દિગ્ગજ બેટ્સમેન સચિન તેંડુલકરના નામે હતો. રોહિત શર્માએ વન-ડે વર્લ્ડ કપ૨૦૧૯માં સૌથી વધુ ૬૪૮ રન બનાવ્યા હતા અને હવે આ વર્લ્ડ કપમાં પણ તેણે ૫૦૦થી વધુ રન બનાવ્યા છે. આથી રોહિતે વર્લ્ડ કપમાં બે વખત ૫૦૦ રનનો આંકડો પાર કરવાના મામલે સચિન તેંડુલકરની બરોબરી કરી લીધી છે.

# વિક્રમ સંવત ૨૦૮૦નું રાશી ભવિષ્ય

કારતક સુદ એકમ ને મંગળવાર તા. ૧૪-૧૧-૨૩ થી વિક્રમ સંવત ૨૦૮૦ નો રાક્ષસ નામના સવત્સરનો પ્રારંભ થશે.

સંવત ૨૦૮૦ માં ગુરૂ ગ્રહ મેષ તથા વૃષભ રાશીમાં રાહુ ગ્રહ મીન રાશીમાં, શની ગ્રહ કુંભ રાશીમાં આખું વર્ષ રહેશે.

**મેષ - (અ,લ,ઈ)**

જેમની મેષ રાશી છે તેઓને પોતાની રાશીમાં એપ્રિલ મહિના સુધી ગુરૂ ગ્રહ મેષ રાશીમાં રહેશે. ગજકેશરીયોગ થશે સાથે રાહુ બારમેથી પસાર થશે. આથી આર્થિક બાબતે ખ્યાલ રાખવો, દેવું કરવું નહીં, ઝઘડામાં પડવું નહીં, સટ્ટો રમવો નહીં, નોકરી બદલવી નહીં, વિવાહના યોગ ખરા, વિદ્યાર્થીએ વર્ગ અભ્યાસમાં ખાસ ધયાન આપવું, ખર્ચા પર કાબુ રાખવો, મહાદેવજીને જળ તથા કાળા તલ ચડાવવા, રૂદ્રી કરાવી, બુધવારના એક ટાણા રહેવા, એકંદરે વર્ષ મધ્યમ જાય.

**વૃષભ રાશી (બ,વ,ઉ)**

વૃષભ રાશીના જાતકોને રાહુ લાભ સ્થાનમાંથી પસાર થશે, ગુરૂ બારમેથી શનિ કર્મ ભુવનમાંથી પસાર થશે. પ્રગતિકારક વર્ષ ગણાય, વ્યાપારમાં ધ્યાન આપવાથી આગળ વધી શકાય, એકદમ શાંતિ પુર્વક વિચારી અને દરેક નિર્ણય લેવાથી આ વર્ષ ભાઈઓ તથા બહેનોને ખુબ સારૂ વર્ષ જાય, વિદ્યાર્થી વર્ગે અભ્યાસમાં ધ્યાન આપવું જરૂરી બનશે. ધ્યાન આપવાથી આગળ વધી શકાય, નોકરીમાં પ્રમોશન મળે તેવા યોગ ખરા, કુળદેવીની ઉપાસના કરવાથી પ્રગતિ થાય, કુળદેવીના જપ કરવા.

**મિથુન રાશી (ક,છ,ઘ)**

મિથુન રાશીના જાતકોને રહુ કર્મભુવનમાંથી પસાર થાય, શનિ ભાગ્ય ભુવનમાંથી પસાર થાય, ગુરૂ લાભ સ્થાનમાંથી પસાર થાય, એકંદરે વર્ષ પ્રગતિવાળું રહે, શનિ, રાહુની પીડા આ વર્ષે નથી, વ્યાપારમાં પુરતું ધ્યાન આપવું, પ્રગતિ થશે, આરોગ્યનું ધ્યાન રાખવું, ઘરમાં શાંતિભર્યુ વાતાવરણ રાખવું, ઝઘડા કરવા નહીં, નોકરીમાં પ્રમોશનના યો ખરા, ફાયદો થાય, વિદ્યાર્થીઓ માટે સારૂ વર્ષ, મહેનતનું પુરતું ફળ મળશે, મહેનત કરવી. શ્રીકૃષ્ણ ભગવાન તથા વિષ્ણુ ભગવાનની ઉપાસના કરવી, વર્ષ દરમ્યાન અગીયારસનું વ્રત રહેવું.

**કર્ક રાશી (ડ,હ)**

કર્ક રાશીના જાતકોને ગુરૂ કર્મ સ્થાનમાંથી પસાર થશે, રાહુ ભાગ્ય ભુવનમાંથી તથા શની આઠમાં સ્થાનથી પસાર થશે. નાની પનોતી રૂપાને પાયે છે. લક્ષ્મીદાયક ગણાય. વિદેશ યાત્રાના યોગ ખરા, વ્યાપારમાં મધ્યમ રહે, નોકરીમાં પ્રમોશન થાય, વિદ્યાર્થી વર્ગ માટ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ સાવચેતી રાખવી. વારસાગત પ્રશ્ન ઉકેલાય, વારસાગત વ્યાપાર સારો ચાલે, ઉધાર બહુ ઓછું રાખવું. હનુમાનજી તથા મહાદેવજીની ઉપાસના કરવી.

**સિંહ રાશી (મ,ટ)**

સિંહ રાશીના જાતકોને શનિ સાતમાં સ્થાને, રાહુ આઠમાં સ્થાને, ગુરૂ નવમે તથા દશમેથી પસાર થશે. એકંદરે વર્ષ મધ્યમ પસાર થાય, વાહન ધીમે ચલાવવું, વારસાગત પ્રશ્નો ઉદ્‌ભવે, વારસાગત વ્યાપાર સાવચેતી પુર્વક કરવો, નોકરીમાં પણ વાતાવરણ અનુકુળ રહે નહિ, માનસિક શાંતિ રાખવી, બિમારીઓ પ્રત્યે સાવચેતી રાખવી, ખાનપાનમાં પરેજી રાખવી, વ્યસનોથી દુર રહેવું. વિદ્યાર્થી વર્ગે અભ્યાસમાં ધ્યાન આપવું, સુર્યને દરરોજ અધે આપવું, મહાદેવજીને કાળા તલ ચડાવવા, રાહુનુ દાન દેવું, ૨૧ બુધવારના એકટાણા રહેવા.

**કન્યા રાશી (પ,ઠ,ણ)**

કન્યા રાશીના જાતકોને રાહુ સાતમેથી પસાર થશે. શનિ છટ્ઠેથી અને ગુરૂ આઠમાં સ્થાનેથી પસાર થશે. એકંદરે વર્ષ સારૂં જાય, માનસિક શાંતિ રાખવી, ઘરમાં શાંતિ રાખવી, વિચાર વાયુ થાય કે ખોટો ક્રોધ આવી શકે છે. નોકરીયાત વર્ગ નોકરી બાબતે પુરતું ધ્યાન આપવું, જુની નોકરી બદલવી નહીં, વ્યાપાર બાબતે વર્ષ મધ્યમ જાય, આવક પુરતી રહે, વારસાગત પ્રશ્નો ઉદ્‌ભવે, વિદ્યાર્થી વર્ગને વર્ષ મધ્યમ રહે. શ્રીકૃષ્ણ ભગવાન તથા વિષ્ણુ ભગવાનની ઉપાસના કરવી, ગુરૂમંત્રના જાપ કરવા.

**તુલા રાશી (ર,ત)**

તુલા રાશીના જાતકોને પાંચમે શનિ સ્વગ્રહિ, રાહુ છટ્ઠે અને ગુરૂ સાતમાં સ્થાનેથી પસાર થશે. આર્થિક પ્રગતિ થાય, આ વર્ષ જીવનમાં પ્રગતિવાળું રહે. માનસિક શાંતીનો અનુભવ થાય, નવા કાર્યો થાય, કોર્ટ-કચેરીથી દુર રહેવું, વ્યાપાર સારો રહે, વિવાહ બાબતે થોડો વિલંભ થાય, નોકરીયાત વર્ગ માટે મધ્યમ વર્ષ ગણાય, અધિકારી વર્ગ સાથે તાલમેલ રાખવો જરૂરી, વ્યાપાર બાબતે નવી તક મળે, વિદ્યાર્થી વર્ગ માટે સારૂં વર્ષ છે. લક્ષ્મીજી તથા કુળદેવીની ઉપાસના કરવી.

**વૃશ્ચિક રાશી (ન,ય)**

વૃશ્ચિક રાશીના જાતકોને ચોથા સ્થાનેથી શનિ પસાર થાય, પાંચમાં સ્થાનેથી રાહુ પસાર થાય, છઠ્ઠા સ્થાનેથી ગુરૂ પસાર થાય. એકંદરે વર્ષ સારૂં પસાર થાય, નાની પનોતી સોનાના પાયે છે. ચિંતા કરાવે, વ્યાપારમાં પુરતો ખ્યાલ રાખવો, આર્થિક બાબતોએ સારૂં વર્ષ રહે. ખોટા વિચાર કરવા નહીં, કાવા-દાવાથી દુર રહેવું અને પોતે પણ કાવા-દાવા કરવા નહીં, નોકરીયાત વર્ગ માટે મધ્યમ વર્ષ ગણાય. વિદ્યાર્થી વર્ગે અભ્યાસમાં પુરતું ધ્યાન આપવું. ગણપતિ દાદાની ઉપાસના કરવી, નાની પનોતી માટે શનિદેવની તથા હનુમાનજીની ઉપાસના કરવી.

**ધન રાશી (ભ,ફ,ધ)**

ધન રાશીના જાતકો માટે ચોથા સ્થાનેથી રાહુ પસાર થાય, પાંચમાં સ્થાનેથી ગુરૂ અને ત્રીજા સ્થાનેથી શનિ. મહેનતાણું પુરતું ફળ મળે, જમીન-મકાન, વાહન ખરીદતા પહેલા સાવચેતી રાખવી, શાંતિ રાખવી, આરોગ્યનું ધ્યાન રાખવું. વ્યાપારમાં પુરતું ધ્યાન રાખવું, નાના ભાઈ-બહેનો સાથે ઝઘડો કરવો નહિ, વાહન ધીમું ચલાવવું જરૂરી છે. વિદ્યાર્થીઓએ અભ્યાસમાં પુરતું ધ્યાન આપવું જરૂરી બનશે. નોકરીયાત વર્ગ માટે મધ્યમ વર્ષ ગણાય, સાવચેતી પુર્વક આ વર્ષ પસાર કરવું. મહાદેવજીની ઉપાસના કરવી, દુધને કાળા તલ ચડાવવા, ગુરૂ મંત્રના જાણ કરવા.

**મકકર રાશી (ખ, જ)**

મકર રાશીના જાતકોને શનીની મોટી પનોતીનો છેલ્લો તબકકો સોનાના પાયે પગેથી પસાર થાય, ચિંતા કરાવે, આરોગ્યનું ધ્યાન રાખવું, જીવનમાં શાંતિ રાખવી, વ્યાપારમાં ધ્યાન રાખવાથી વ્યાપારમાં જરૂર વધારો થશે. નોકરીયાત વર્ગને કામનો બોજ રહી શકે છે. ત્રીજે મીનનો રાહુ તમારી મહેનત યોગ્ય જગ્યાએ યોગ્ય કામમાં જ કરવી, આ વાત બહેનો અને ભાઈઓ બંનેને લાગુ પડે છે. વિદ્યાર્થી વર્ગ અભ્યાસમાં પુરતું ધ્યાન આપવું જરૂરી છે. આર્થિક બચત કામ આવશે, આર્થિક બચત કરવી. હનુમાનજીની ઉપાસના કરવી, શનિદેવની ઉપાસના કરવી, શનિવારના એકટાણા રહેવા.

**કુંભ રાશી (ગ,શ,સ)**

કુંભ રાશીના જાતકોનો શનિ દેહભુવનમાંથી રાહુ બીજા સ્થાનેથી તથા ગુરૂ પરાક્રમ સ્થાનમાંથી પસાર થશે, કુંભ રાશીના જાતકોને શનીની પનોતી ત્રાંબાના પાયે છાતીએથી પસાર થાય, લક્ષ્મીદાયક ગણાય, મોટી પનોતી છે. જીવનમાં દરેક બાબતે ખ્યાલ રાખી વિચાર કરી અને ત્યારબાદ નિર્ણય લેવો. વ્યાપાર બાબતે આ વર્ષ મધ્યમ રહે, આર્થિક બચત રાખવી, ધર્મકાર્ય કરવું, નોકરીયાત વર્ગે નોકરીમાં પુરતું કામ કરવું, આળસ કરવી નહીં, બહેનોએ પણ ઘરકામમાં આળસનો ત્યાગ કરવો, કાવાદાવાથી બચવું, કાવાદાવા કરવા પણ નહિ, ફસાઈ જશો, વિદ્યાર્થીઓએ પણ આળસનો ત્યાગ કરવો, અભ્યાસમાં ધ્યાન આપવું, હનુમાનજી તથા શનિદેવ મહાદેવની ઉપાસના કરવી, શનિવાર રહેવા.

**મીન રાશી (દ,ચ,ઝ,થ)**

મીન રાશીના જાતકોની પહેલેથી રાહુ બીજા સ્થાને, ગુરૂ અને બારમા સ્થાનેથી શનિ પસાર થશે. શનિની સાડાસાતીના પ્રથમ તબકકામાંથી પસાર થાય, ચાંદીના પાયે હોવાથી લાભકારક ગણાય, માનસિક શાંતિ રાખવી જરૂરી બનશે. વ્યાપારમાં મે મહિના સુધી પ્રગતિ રહેશે, ત્યારબાદ ધ્યાન રાખવું પડે. વાદ વિવાદોથી બચવું જરૂરી બનશે. આરોગ્યનો ખ્યાલ રાખવો, નોકરીમાં કામનો બોજ રહેશે. જો નોકરી બદલવી હોય તો ખુબ ખ્યાલ રાખી બદલવી.

વિદ્યાર્થી વર્ગ અભ્યાસ બાબતે પુરતું ધ્યાન આપવું જરૂરી છે, વ્યસનમાં પડવું નહિ, શનિની મોટી પનોતી હોય હનુમાનજી શનિદેવની ઉપાસના કરવી, શનિવારના એકટાણા કરવા.

મકર, કુંભ તથા મિન રાશીના જાતકોને મોટી સાડાસાતી પનોતી ચાલશે. આથી જીવનના નિર્ણય વિચારીને લેવા જરૂરી છે.

મેષ, સિંહ તથા ધન રાશીના જાતકોનો બારમે આઠમે અને ચોથે રાહુ ચાલશે. સટ્ટો રમવો નહીં વાહન ધીમે ચલાવવું, યોગ્ય વડીલોની સલાહ લઈ અને નિર્ણય લેવા જરૂરી.

૧૫ માર્ચથી ૧ જુન સુધી મંગળ સાથે અનુક્રમે શનિ, ત્યારબાદ રાહુની યુતિ થશે. આથી બારેય રાશીના જાતકોએ આ સમય દરમ્યાન ખ્યાલ રાખવો જરૂરી છે. તમારી જન્મકુંડળીના ગ્રહો તથા તમારા આ જન્મના કર્મો પણ જીવનમાં નિર્ણાયક બને છે. એ ખાસ ખ્યાલ રાખવો.

ભારતની વૃષભ લગ્નની કુંડળી પ્રમાણે રાહુ લાભ સ્થાનમાંથી પસાર થશે. ગુરૂ અનુક્રમે બારમેથી તથા મે મહિનાથી પહેલે સ્થાનેથી પસાર થશે. શનિ ગ્રહ કર્મ ભુવનમાં સ્વગ્રહિ પસાર થાય, આથી ભારતના લોકોની તથા ભારત દેશની આવકમાં વધારો થાય, પ્રગતિ થોડી ધીમી ગતિએ રહે પરંતુ સારી પ્રગતિ થાય. લોકોએ ખોટા ખર્ચામાંથી કાબુ રાખવો જરૂરી બને. ઉનાળામાં મોંઘવારીમાં વધારો થાય, આ વર્ષે ગરમી રેકોર્ડ તોડે તેવું બને.

**શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)**
**મો. ૯૮૨૫૬ ૧૧૯૭૭**

### જયાં ટુકડો ત્યાં હરી ઢુકડોનાં સુત્રને સાર્થક કરનાર

# સંત શીરોમણી પૂ. જલારામ બાપાની રરજમી જન્મજયંતિની આવતીકાલે ભવ્ય ઉજવણી

## જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આવતીકાલે વહેલી સવારથી જલારામ મંદિરે પૂજન, આરતી સહિતનાં કાર્યક્રમો, શોભાયાત્રા, ભોજન પ્રસાદનાં કાર્યક્રમો યોજાશે



જૂનાગઢ તા. ૧૮

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આવતીકાલે સંત શીરોમણી પૂ. જલારામ બાપાની ૨૨૪મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જયાં ટુકડો, ત્યાં હરી ઢુકઢોનાં સુત્રનાં સાર્થક કરનાર અને રઘુવંશી લોહાણા સમાજનાં ઈષ્ટદેવ તેમજ રામ નામ મે લીન હૈ, દેખત સબ મે રામ, તાકે પદ વંદન કરૂ જય જય જલારામનાં નાદ સાથે આવતીકાલે ભવ્ય ઉજવણી કરવામાં આવશે. વિરપુર જલારામ ધામ ખાતે જલારામ બાપાની ૨૨૪મી જન્મજયંતિ નીમિતે વિશેષ કાર્યક્રમો યોજવામાં આવશે. વીરપુર ધામને ધજા-પતાકા, કમાનો તેમજ રોશનીનો શણગાર કરવામાં આવ્યો છે. વીરપુરનાં ગાદીપતિ પૂ. રઘુરામ બાપાનાં માર્ગદર્શન હેઠળ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવશે. અને પૂ. બાપાનાં દર્શને મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા છે.

**જૂનાગઢ શહેરમાં જલારામ જયંતિની ભવ્ય ઉજવણી થશે**

આવતીકાલે ૨૨૪મી જલારામ જયંતિ નીમિતે જૂનાગઢ શહેરમાં પણ અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જલારામ ભકિતધામ ખાતો જલારામ જયંતિની શાનદાર ઉજવણી થશે તેમજ સમગ્ર લોહાણા સમાજની નાત અને જલારામ ભકતો માટે સમૂહ પ્રસાદ સહિતનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત જલારામ જયંતિ પર્વ પ્રસંગે જૂનાગઢમાં લોહાણા મહાજન દ્વારા આવતીકાલે ૧૯-૧૧-૨૦૨૩ને રવિવારનાં રોજ સવારે ૧૧ થી ૨.૩૦ વાગ્યા સુધી જૂનાગઢનાં સમસ્ત રઘુવંશી પરીવારો માટે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવેલ છે તેમાં જૂનાગઢમા વસતા સમગ્ર સારસ્વત બ્રાહ્મણ પરીવારો તથા સર્વજ્ઞાતિય જલારામ બાપાના ભકતો પણ જોડાશે. આ પ્રસંગે સમૂહ ભોજનનો કાર્યક્રમ જૂનાગઢનાં માંગલ્ય પાર્ટી પ્લોટ ખાતે રાખવામાં આવેલ છે. વિશેષમાં જૂનાગઢમાં શોભાયાત્રા પણ યોજાશે તેમજ જલારામ જયંતિ પર્વ પ્રસંગે જલારામ સર્કલ ખાતો આવેલા જલારામ બાપાના મંદિરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે તેમજ સ્પર્ધાત્મક કાર્યક્રમો પણ યોજાશે. કાર્યક્રમનો સફળ બનાવવા કાર્યકરો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. જૂનાગઢ શહેરમાં આવેલા વિવિધ સોસાયટી વિસ્તારોમાં પણ જલારામ જયંતિ પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે તેમજ રઘુવંશી લોહાણા પરીવાર દ્વારા આવતીકાલે પોતાના ઘરઆંગણે પણ આકર્ષક રંગોળી તેમજ જલારામ બાપાનું પુજન-અર્ચન કરવામાં આવશે. જૂનાગઢ જીલ્લાનાં વિવિધ શહેરો તેમજ તાલુકાઓમાં પણ જલારામ જયંતિની શાનદાર ઉજવણી કરવામાં આવશે. જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આવતીકાલે જય જલ્યાણનો નાદ સર્વત્ર ગુંજી ઉઠશે.

# ગીરનારની લીલી પરીક્રમામાં તંત્ર સામે સંતો લાલઘુમ

## સાધુ-સંતોની માંગણી નહી સ્વીકારવામાં આવે તો કાળી પટ્ટી પહેરી સેવા આપશે



જૂનાગઢ તા. ૧૮

ગરવા ગીરનાર ખાતે આગામી તા. ૨૩-૧૧-૨૦૨૩ના રોજથી લીલી પરીક્રમાની શરૂઆત થવા જઈ રહી છે. જેને લઈને જૂનાગઢ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કલેકટરનાં અધ્યક્ષ સ્થાને એક બેઠક બોલાવવામાં આવી હતી અને પરીક્રમા સંબંધી ચર્ચા - વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગીરનારની પરીક્રમામાં સુવિધાનાં પ્રશ્ને તેમજ તંત્રની કથિત કામગીરી સામે સંતોએ ઉગ્ર આક્રોશ વ્યકત કર્યો હતો. ગીરનાર દત્તાત્રેય સંસ્થાનનાં મહંત મહેશગીરી બાપુએ જણાવ્યું હતું કે, ગીરનાર લીલી પરીક્રમા શરૂ થવાને ગણતરીનાં દિવસો બાકી રહયા છે અને તંત્ર દ્વારા પાંચ દિવસ પહેલા જ કહેવાતી પુરતી બેઠક બોલવવામાં આવી છે તેની સામે ઉગ્ર આક્રોશ વ્યકત કર્યો હતો. આઝાદીના ૭૫ વર્ષ પુરા થઈ રહયા છે પરંતુ તેમ છતાં દર વર્ષે યોજાતી લીલી પરીક્રમામાં સંતો તેમજ અહીં કોઈપણ જાતનાં આમંત્રણ વિના ઉમટી પડતા ભાવિકો માટે સુવિધાના કોઈ ઠેકાણા નથી, લાઈટ, પાણી, રસ્તા સહિતનાં મુદે દર વર્ષે મીટીંગો યોજાય છે પરંતુ યોગ્ય ઉકેલ આવતો નથી. સરકારશ્રી દ્વારા તેમજ જુદા જુદા ફંડમાંથી અનેક ગ્રાન્ટો અને નાણાની ફાળવણી થતી હોય છે પરંતુ આ બધી ગ્રાન્ટો કોના ખીસ્સામાં જાય છે તેવો સાવલ ઉઠાવ્યો હતો જેની તપાસ કરવાની માંગણી પણ કરવામાં આવી હતી.

વિશેષમાં પૂ. મહેશગીરી બાપુએ જણાવ્યું હતું કે, છેલ્લી ઘડીએ મીટીંગ બોલાવવામાં આવી છે તે ફકતને ફકત અમારા પ્રશ્નો સાંભળવા માટે જ બોલાવી છે નહી કે કોઈપણ કામગીરી કરવા કે જરૂરી માર્ગદશન આપવા માટે ? ત્યારે અમને એવું લાગી રહયું છે કે, સનાતન ધર્મ ઉપર ખતરો તોળાઈ રહયો છે. મહેશગીરી બાપુએ તંત્રની સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢી હતી અને ભારે નારાજગી સાથે જણાવ્યું હતું કે, સાધુ-સંતો દ્વારા કરેલા સુચનો અને તેની અમલવારી અને માંગણી પુરી કરવામાં નહી આવે તો પરીક્રમામાં તેમના દ્વારા કાળા વાવટા ફરકાવી, કાળી પટ્ટી ધારણ કરીને સેવા આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# સમસ્ત રઘુવંશી સમાજ દ્વારા દ્વારકા ખાતે જલારામ બાપાની ૨૨૪મી જન્મ જયંતિ ઉજવાશે

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૮

જલારામ સેવા સમીતી દ્વારકા તેમજ સમસ્ત રઘુવંશી પરીવાર દ્વારા પૂ. જલારામ બાની ૨૨૪મી જન્મ જયંતિ ઉજવવાનું ભવ્ય આયોજન આવતીકાલ તા. ૧૯-૧૧-૨૩ને રવીવારનાં રોજ કરેલ છે. જેમાં જલારામ મંદિર દ્વારકાધીશ સોસાયટી ખાતે સવારે ૮ કલાકે અભિષેક પુજા, સવારે ૧૦ કલાકે ધ્વજા પૂજન, બપોરે ૨ થી ૫.૩૦ અન્નકોટ દર્શન, સાંજે ૪ કલાકે મહાઆરતી, ૪.૩૦ કલાકે બપોરની ધ્વજા પુજા, સાંજે ૪.૩૦ કલાકે શોભાયાત્રા લોહાણા મહાજન વાડીએથી પ્રસ્થાન કરી દ્વારકાનાં વિવિધ માર્ગો પર ફરી મહાજવાડીએ પરત આવશે. ત્યારબાદ મહાપ્રસાદ સાંજે ૭ થી ૧૦ યોજાશે. સમુહ પ્રસાદીનાં મુખ્ય યજમાન સ્વ. દિનેશભાઈ રતીલાલ વિઠ્ઠલાણીનાં હસ્તે નયનાબેન રતીલાલ વિઠ્ઠલાણી પરીવાર રહેશે. આ ઉપરાંત સાંજે ૫ થી રાત્રે ૧૧ કલાક સુધી રકતદાન કેમ્પનું આયોજન કરેલ છે.

# સોમનાથ કાર્તિક પૂર્ણિમા મેળાની તડામાર તૈયારીઓ પૂરજોશમાં



(મિનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા) પ્રભાસ પાટણ તા. ૧૮

ભારતનાં બાર જયોર્તિલીંગય પ્રથમ સોમનાથ મહાદેવ પંચ દિવસીય કાર્તિક પૂર્ણિમા મેળાનો તા. ૨૨ નવેમ્બરથી ૨૬ નવેમ્બર સુધીના આયોજન અંગે તડામાર તૈયારીઓ પૂરજોશમાં ગતીમાં છે.

આ વર્ષે સોમનાથ કાર્તિક પૂર્ણિમા મેળો પવિત્ર ત્રિવેણી સંગમ પાસે આવેલ ગોલોકધામ મેદાનમાં યોજાશે. કોરોના કાળ અને ભારત ચીન યુધ્ધ સમયે મેળો સદંતર બંધ રહેલ હતો. વર્ષ ૨૦૧૯માં સંભવીત વાવાઝોડાને કારણે ૮ નવેમ્બરથી શરૂ થનારો મેળો મોડો એટલે કે ૧૧ નવેમ્બરથી ૧૫ નવેમ્બર સુધી યોજાયો હતો. મેળો પ્રથમ સોમનાથ મંદિર સાંનિધ્યે યોજાતો બાદમાં સોમનાથ સમુદ્ર બીચ ઉપર અને ત્યારબાદ વર્ષ ૨૦૧૪ સુધી ગોલોકધામ અને વર્ષ ૨૦૧૫થી બાયપાસ ઉપર યોજાતો રહયો પરંતુ આ વર્ષે તે સ્થળે હાઈવે બ્રીજનું કામ ચાલુ હોય જેથી ગોલોકધામ મેદાનમાં મેળો યોજાશે.

મેળામાં ૨૨ નવેમ્બરે લોક સંગીત ઓસમાણ મીર ગૃપ, તા. ૨૪ નવેમ્બરે લોકડાયરો જેમાં પ્રિયંકાબેન બાસુ, અભીજીત રાવ, અરજણ કંસારા, મંગલ રાઠોડ તેમજ તા. ૨૫ લોકડાયરો જેમાં અપેક્ષાબેન પંડયા તથા તા. ૨૬ નવેમ્બર લોક સાહિત્યમાં માયાભાઈ આહીર અને જમાહબેન આહીર રમઝટ બોલાવશે.

# માધવપુરનાં દરિયા કિનારે ચાલતી અસામાજીક પ્રવૃતિઓ બંધ કરાવવા માંગ

(શાંતિલાલ મેવાડા દ્વારા) માધવપુર તા. ૧૮


પોરબંદરનાં માધવપુર ગામે આવેલ દરીયાઈ બીચ ઉપર બીલકુલ દરિયા કિનારે દરિયાનાં ઉછળતા મોજાનાં પાણીમાં અકસ્માત સર્જાય તેમ જોખમી રીતે સ્ટ્રીટ ડ્રાઈવના નામે સહેલાણીઓના મનોરંજન માટે છેલ્લા ઘણા સમયથી નાની ગાડીઓ દરિયા કિનારે બેફામ રીતે દોડાવવામાં આવી રહી હોવાથી માધવપુરનાં દરિયા કિનારની બીચની મુલાકાતે આવતા પ્રવાસીઓનાં જાન જોખમમાં મુકાય જતાં હોય છે. કોઈજાતનાં પાસ કે પરમીટ વગર દરિયા કિનારે ૨૫ થી ૩૦ જેટલી આવી નાની ગાડીઓ પુરપાટ ઝડપે દોડી રહી છે.

ગત તા. ૧૩-૧૧-૨૩નાં રોજ મેખડી ગામનાં પ્રવાસીઓ માધવપુરનાં દરિયાની મુલાકાતે આવેલા અને ગાડીઓમાં બેસી ડ્રાઈવ સફરની મજા માણી રહયા હતા તે વખતે આ સ્ટ્રીટ ગાડી દરિયાના પાણીમાં બે ત્રણ ગડથોલા ખાઈ જતાં સદનસીબે કોઈ જાનહાની થયેલ નહતી. પરંતુ મેખડીનાં લોકોને માધવપુરનાં દવાખાને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. આ અંગે માધવપુર પોલીસે ગુનો પણ નોંધ્યો ન હતો. અને માધવપુર પોલીસે આ મામલો રફેદફે કરી દીધો હતો. અને માધવપુરનાં દરિયા કિનારા પર કોઈને કોઈ અસામાજીક પ્રવૃતિઓ ચાલતી હોવાનું અવાર નવાર બમાર આવતું હોવાથી દેશ વિદેશમાં ખ્યાતી ધરાવતો માધવપુરનો સાગર કિનારો વગોવાયેલો રહે છે. આ અંગે પોરબંદર જીલ્લા પોલીસ વડાએ તકેદારીનાં પગલા ભરવા લોકમાંગણી ઉઠવા પામી છે.

# દિપાવલી-નૂતન વર્ષ તથા ભાઈબીજનાં તહેવારોમાં દ્વારકામાં માનવ કીડીયારૂં ઉભરાયું









(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૮

યાત્રાધામ દ્વારકા દિપાવલીના તહેવારો દરમ્યાન અંતિમ દિવસોમાં યાત્રિકો બહોળી સંખ્યામાં ઉમટી પડેલ. દિપાવલી, નૂતનવર્ષ, ભાઈબીજનાં પહેવારો ઉપરાંત શનિવાર-રવિવારની રજાઓનાં કારણે દ્વારકામાં માનવ કીડીયારૂં છવાઈ ગયેલ. અનેક લોકોએ કાળીયા ઠાકુરને શીશ ઝુકાવી દર્શનનો લાભ લીધો હતો. દિપાવલીનાં તહેવારો દરમ્યાન નાગેશ્વર જયોર્તિલીંગ, બેટદ્વારકા, ગોપી તળાવ, રૂકમણી મંદિર વગેરે ધાર્મિક સ્થળોએ ભાવિકોની ભીડ જોવા મળેલ હતી. દ્વારકા નજીક આવેલા શિવરાજપુર બીચમાં પણ ભારે ટ્રાફીક જોવા મળેલ. આ ઉપરાંત ભાઈબીજનાં દિવસે ગોમતી નદીમાં દીવડાઓ તરતા મુકવાનું મહત્વ છે. આમ દ્વારકા નગરી છેલ્લા એક સપ્તાહથી ભારે ટ્રાફીકને કારણે હાઉસફુલ છે.

# બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે અન્નકોટ દર્શનનો લાભ લેતા ભાવિકો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧૮

જય સ્વામિનારાયણ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે ભવ્ય અંનકોટ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જૂનાગઢના ઘણા બધા પ્રતિષ્ઠિત મહાનુભવોએ આરતી તેમજ દર્શનનો લાભ લીધેલ હતો. ભગવાન સમક્ષ ૧૧૦૦ કરતાં પણ વધારે વાનગીઓ ધરાવવામાં આવેલ હતી. પૂજ્ય કોઠારી સ્વામી ઠાકોરજીની આરતી ઉતારી બધા મહાનુભવોને આશીર્વાદ પાઠવ્યા હતા.

# જૂનાગઢમાં થોભાણી પરીવાર દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ



જૂનાગઢ તા. ૧૮

વિનોદરાય મથુરદાસ થોભાણી તેમજ વસંતરાય અને શ્રીમતી વિભાબેન વસંતરાય થોભાણી તથા સમગ્ર થોભાણી પરીવાર દ્વારા અવસર ફાર્મ વાડલા ફાટક વંથલી રોડ જૂનાગઢ ખાતે તા. ૧૫ને ગુરૂવારથી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થયો છે. જેમાં પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાનાં કૃપા પાત્ર શિષ્ય પૂ. ઋષિકુમાર હાર્દિકભાઈ જોષી પોતાની આગવી શૈલીમાં સંગીતની સુરાવણી સાથે દરરોજ સવારે ૧૦ થી ૧ અને સાંજે ૪ થી ૭ કથાનું રસપાન કરાવી રહયા છે. આ કાર્યક્રમમાં શનિવારે રાત્રે ૯ થી ૧૨ લોકડાયરો અને રવિવારે રાત્રે ૯ થી ૧૨ શ્રીનાથજી સંગીતનો કાર્યક્રમ યોજાશે. મંગળવારે બપોરે ૧ વાગ્યે કથા વિરામ લેશે.


# જૂનાગઢ વાઘેશ્વરી માતાજીનાં મંદિર ખાતે અન્નકોટનાં દર્શન યોજાશે

જૂનાગઢ તા. ૧૮

ગીરનાર રોડ ઉપર આવેલ વાઘેશ્વરી માતાજીનાં મંદિર ખાતે અન્નકોટનાં દર્શન કારતક સુદ-૯ તા. ૨૧-૧૧-૨૩ને મંગળવારનાં રોજ રાખેલ છે. અન્નકોટનાં દર્શન બપોરનાં ૩.૩૦ થી સાંજનાં ૭ વાગ્યા સુધી રાખેલ છે. તો આ દર્શનનો લાભ લેવા ટ્રસ્ટીઓ મુકેશભાઈ રાજપરા, રમીલાબેન વેડીયા, વિજયભાઈ કીકાણીની યાદીમાં અનુરોધ કરેલ છે.

# જૂનાગઢમાં સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે ભવ્ય અન્નકુટનાં દર્શનનો લાભ લેતા હજારો ભાવિકો








જૂનાગઢ તા. ૧૮

દિપાવલી અને નૂતનવર્ષનાં તહેવાર નિમિતે દેવમંદિરોમાં અન્નકુટનાં ભવ્ય કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જવાહર રોડ ઉપર આવેલા મુખ્ય સ્વામીનારાયણ મંદિર ખાતે સિધ્ધેશ્વર મહાદેવ સહિતનાં દેવોને ભવ્ય અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો. કોઠારી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી તેમજ પૂ. પી.પી. સ્વામીનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલા ધર્મોત્સવનો હજારો ભાવિકોએ લાભ લીધો હતો.

# જૂનાગઢમાં મહાલક્ષ્મી માતાજીનાં મંદિરે અન્નકુટ ધરાયો



જૂનાગઢ તા. ૧૮

જૂનાગઢનાં દાણાપીઠમાં આવેલા સુપ્રસિધ્ધ અને પ્રાચીન એવા મહાલક્ષ્મી માતાજીનાં મંદિરે દિપાવલી અને નૂતનવર્ષનાં પર્વ પ્રસંગે ભવ્ય અન્નકુટ ભરાયો હતો અને ભાવિકોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો.

કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ વિભાગ, બીમાખાલા બિલ્ડીંગ, રાધાકૃષ્ણ નગર-બે ઝોન પાસે, (ફોન:૦૨૮૫-૨૬૭૩૨૫૨) જુનાગઢની કચેરી દ્વારા ટૂંકી મુદતની ઓન લાઈન ટેન્ડર નોટીસ નં.બી-૧/૧૪ સને ૨૦૨૩-૨૪ ની વજમી સિંચાઈ યોજનાના રીનોવેશન ઓફ ઇન્સ્પેકશન બંગલો (ત્રીજો પ્રયત્ન) ના કામ માટે માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે. જે www.nwr.nprocure.com વેબસાઇટ પર તા.૨૪/૧૧/૨૦૨૩ સુધીમાં ભરવાના રહેશે. ફીઝીકલ ડોક્યુમેન્ટસ ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી તા.૦૨/૧૨/૨૦૨૩ સુધીમાં મોકલવાના રહેશે. ઓનલાઇન આવેલ ટેન્ડરો તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજ ૧૮-૦૫ કલાકે ખોલવામાં આવશે. ટેન્ડરો રૂબરૂ સાદી ટપાલથી કે કુરીયરથી સ્વીકારવામાં આવશે નહીં. વધુ વિગત માટે www.statetenders.gujarat.gov.in વેબ સાઈટ પર જોવા મળશે. વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીનો સંપર્ક કરવાથી મળશે.

નોંધ:-હવે પછી કોઇ સુધારા થશે તો ઓનલાઇન સુધારો કરવામાં આવશે.

માહિતી/જૂના/૮૧૫/૨૦૨૩

